सत्यमेव जयते

# માર્ગ અને મકાન વિભાગ

# બુક સરક્યુલર

## ભાગ—૨

## ૧૯૯૦ થી ૨૦૦૨

**(સરકારી કામકાજના ઉપયોગ માટે)**

વાય-૩૬૫-(૧)

# આમુખ

રાજયનું વહીવટી તંત્ર અસરકારક અને લોકાભિમુખ થાય તે માટે પ્રયત્નો કરવા તે સરકારનો મુદ્રાલેખ રહેલો છે. આ પ્રયત્નના ભાગરૂપે માર્ગ અને મકાન વિભાગમાંથી પ્રસિદ્ધ કરવામાં આવેલા અગત્યના સરકારી ઠરાવો / પરિપત્રો / હુકમો / અધિસૂચનાઓ / નિયમો / યાદીઓનો અદ્યતન સંકલિત સ્વરૂપે વિષયવાર બુક સરકયુલર કરવામાં આવે તે સરકારી કચેરીના કામકાજના હિતમાં ઉપયોગી થઈ પડે તેમ છે. તે માટે આવો બુક સરકયુલર તૈયાર કરવા લોકાભિમુખ વહીવટ માટેની રચાયેલી સમિતિ દ્વારા સૂચવવામાં આવ્યું હતું. તે અન્વયે સને ૧૯૯૦ થી ૨૦૦૨ સુધીના સમયગાળાનો આ બુક સરકયુલર તૈયાર કરવામાં આવેલ છે.

સરકારી કામકાજમાં પારદર્શિતા અને અસરકારકતા આવે તે માટે સરકાર દ્વારા કરવામાં આવતા પ્રયત્નોમાં આ બુક સરકયુલર ઉપયોગી થશે અને તેની સાર્થકતા ગણાશે.

આશા છે કે આ બુક સરકયુલર વિભાગમાં તમામ અધિકારીઓ તથા કર્મચારીઓને પણ અત્યંત ઉપયોગી નીવડશે.

સચિવાલય, ગાંધીનગર
ડિસેમ્બર, ૨૦૦૩.

આઈ.કે.જાડેજા.
મંત્રીશ્રી,
માર્ગ અને મકાન વિભાગ,
ગુજરાત રાજય.

# પ્રસ્તાવના

(૧) રાજયનું વહીવટી તંત્ર અસરકારક, પારદર્શી અને લોકાભિમુખ થાય તે માટે સરકારી અધિકારીશ્રીઓ / કર્મચારીઓ / પ્રજાના પ્રતિનિધિઓના ઉપયોગ માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા અવારનવાર પ્રસિદ્ધ થતા અગત્યના સરકારી પરિપત્રો / ઠરાવો / હુકમો / નિયમો / સૂચનાઓ / યાદીઓ / અધિસૂચનાઓનો સમાવેશ થતો હોય તેવી પુસ્તિકા (બુક સરકયુલર) પ્રસિદ્ધ કરવાનું વિચારણામાં હતું.

(૨) વિભાગના કામકાજને અનુરૂપ અદ્યતન માહિતી સાથેની આવી પુસ્તિકા કેસના નિકાલમાં માર્ગદર્શક તરીકે ઉપયોગી બને તેમ હોવાથી, આ બાબત ખૂબ જ અગત્યની છે. કચેરીની કામગીરીના સરળીકરણ માટે પણ તે ઘણી જરૂરી જણાયેલ છે.

(૩) આ પુસ્તિકામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા સને ૧૯૯૦ થી ૨૦૦૨ સુધીના સમયગાળા દરમિયાન બહાર પાડવામાં આવેલા અગત્યના સરકારી ઠરાવો / પરિપત્રો / હુકમો / નિયમો / અધિનિયમો / યાદીઓનો સમાવેશ કરવામાં આવેલ છે સાતત્ય જળવાય તે માટે અમુક પ્રભાગોમાં, જુની, જરૂરી જણાયેલ બાબતો તથા અદ્યતન (૨૦૦૨ પછીની) બાબતોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે અને કામગીરીના પ્રકાર મુજબ બે ભાગમાં પુસ્તિકા (બુક સરકયુલર) પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**ભાગ — ૧**

રાજયમાં આવેલ તમામ માર્ગો અને પૂલોના સર્વે, બાંધકામ અને નિભાવણી, ગુણવત્તા નિયમન અને સંશોધન તથા યંત્રો અને ઓજારોને લગતી આનુષાંગિક બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

**ભાગ — ૨**

રાજયના મકાનોના બાંધકામ અને નિભાવણી તથા અતિથિ ગૃહો / વિશ્રામ ગૃહો / આરામ ગૃહો / પથિકાશ્રમ અને ગુજરાત ભવનને લગતી બાબતો તથા ગાંધીનગર ખાતે જમીન ફાળવણીની નીતિ વિષયક તથા રાજય અને ગાંધીનગરમાં સરકારી રહેણાંક તથા બિન રહેણાંક મકાનોની ફાળવણી, ભાડા પદ્ધતિ વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૪) પ્રત્યેક અધિકારી અને તેમના તાબાના કર્મચારી આ બુક સરકયુલરમાં આપેલા અને તેમની કામગીરીને સ્પર્શતા અગત્યના સરકારી ઠરાવો / પરિપત્રો / હુકમો / નિયમો / સૂચનાઓ / યાદીઓ / અધિસૂચનાઓ / કાર્યપદ્ધતિ અંગે સામાન્ય જાણકારી ધરાવે તેવું તેમની પાસે અપેક્ષિત છે. આશા છે, આ પુસ્તક તેમની જરૂરિયાત સંતોષી શકશે.

(૫) આ બુક સરકયુલરમાં કોઈ ક્ષતિ જણાય તો તે માર્ગ અને મકાન વિભાગના ધ્યાન પર લાવવા અધિકારીઓ / કર્મચારીઓને વિનંતી છે.

એસ.એસ.રાઠોર.
સચિવ,
માર્ગ અને મકાન વિભાગ,
ગુજરાત રાજય.

સચિવાલય, ગાંધીનગર.
ડિસેમ્બર, ૨૦૦૩

વાય-૩૬૫-(૨)

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | રાજયનાં અતિથિ ગૃહ / વિશ્રામ ગૃહ અને મકાનો | ૧. |
| ૨ | મકાનનાં કામો અને નિભાવણી | ૧૦૯ |
| ૩ | રોજમદાર | ૧૩૦ |
| ૪ | મહેકમ | ૧૭૯ |
| ૫ | ગાંધીનગર ખાતે મકાન ફાળવણી | ૨૦૨ |
| ૬ | ગાંધીનગર ખાતે જમીન ફાળવણીની નીતિ | ૨૦૮ |

# રાજ્યનાં અતિથિ ગૃહ / વિશ્રામ ગૃહ અને મકાનો

# રાજયના અતિથિગૃહ / વિશ્રામગૃહ અને મકાનો

ગુજરાત રાજયના માર્ગ અને મકાન વિભાગના અતિથિગૃહો / વિશ્રામગૃહો / આરામગૃહો / પથિકાશ્રમ અને ગુજરાત ભવનના ઉતારા અંગેના નિયમો



| અ.નં. | વિગત |
|---|---|
| ૧ | પ્રસ્તાવના |
| ૨ | ગૃહના પ્રકાર અને યોગ્યતા. |
| ૩ | આરક્ષણ અધિકારી, નિયંત્રણ અધિકારી મરામત અને દેખભાળ કરનાર ઈજનેર. |
| ૪ | આરક્ષણ અંગેના નિયમો. |
| ૫ | ભાડા : રહેવા-જમવા અંગેના નિયમો. |
| ૬ | અતિથિગૃહ તથા પથિકાશ્રમ, માઉન્ટ આબુ તથા ગુજરાત ભવન, નવી દિલ્હીમાં રહેણાંકના દરોમાં છૂટછાટો |
| ૭ | છૂટછાટ :— રાજ્ય હસ્તકના જાહેર સાહસો, કેન્દ્રના અધિકારીઓ અને રાજયની બીજી સંસ્થાઓ તથા ખાનગી -- અને બિન સરકારી ઈસમો |
| ૮ | પરચૂરણ (સામાન્ય) |
| ૯ | બીજા રાજ્યોના અધિકારીઓ અને કર્મચારીઓ સાથેના પારસ્પરીક વ્યવહાર. |
| ૧૦ | બીજા રાજ્યોની સંવિધાન અને વિધાનસભાના સભ્યો સાથેના પારસ્પરીક વ્યવહાર. |
| ૧૧ | બાંધકામ વિભાગના મેન્યુઅલના પરીશિષ્ટ—૨૦ માં નિર્દિષ્ટ કરેલ નિયંત્રણોનું પાલન. |
| ૧૨ | ગુજરાત ભવન, નવી દિલ્હી, અંગેના નિયમો. |
| ૧૩ | સરદારગઢ અતિથિગૃહ તથા ગુજરાત ભવન, માઉન્ટ આબુ અંગેના નિયમો. |
| ૧૪ | પરિશિષ્ટ—૧ સામાન્ય વહીવટ વિભાગ, તરફથી બહાર પાડવામાં આવેલ પ્રોટોકોલ અંગેના નિયમો. |
| ૧૫ | પરિશિષ્ટ—૨ રહેવા તથા જમવાના દરો. |
| ૧૬ | પરિશિષ્ટ—૩ રાજયના ગૃહોની રહેણાંક વ્યવસ્થા તથા ટેલીફોન નંબર. |
| ૧૭ | પરિશિષ્ટ—૪ ગુજરાત રાજયના વિવિધ ગૃહો દર્શાવતો નકશો (ચિન્હ સાથે) |

પ્રસ્તાવના

વર્ષો પૂર્વે સરકારી અધિકારીઓ, કર્મચારીઓ અને બિન સરકારી ઈસમો પોતાની ફરજ ઉપર બીજા સ્થળોએ સરકારી કામકાજ અંગે જતા ત્યારે તેમને રહેવા અને જમવાની પાયાની બાબત અંગે ઘણી મુશ્કેલી વેઠવી પડતી હતી.

પરિણામે આ અધિકારીઓ/કર્મચારીઓ અને બિન સરકારી ઈસમો બીજા સ્થળો ઉપર મુકામ કરે ત્યારે તેઓ પોતાની ફરજો સારી અને અસરકારક રીતે બજાવી શકે તે માટે સરકારે જે તે સમયે ઈન્સ્પેકશન બંગલો પાયાની જરૂરીયાતો સાથે ઉતારાના સ્થળો જુદી જુદી જગ્યાએ બંધાવેલા,

અને આ બધા બંગલાઓમાં સુધારા–વધારા સાથે અદ્યતન સુવિધાઓ પુરી પાડવામાં આવી અને તેના નવા કલેવરો સાથે નવા નામાભિધાન કરવામાં આવ્યા, જે હાલમાં અતિથિગૃહો/આરામગૃહો/પથિકાશ્રમના નામે ઓળખાય છે.

૨. વધુ સારા વહીવટ માટે જરૂરીયાતો અને સારી સુવિધાઓ ધ્યાને લઈ,

(૧) આ ગૃહોમાં રહેવા તથા જમવાની સવલતોના છૂટછાટ સાથે સામાન્ય દરો નકકી કરવામાં આવ્યા.

(૨) દેશના બીજા રાજયો સાથે પારસ્પરિક વ્યવહાર–વિનિમયને આવકારવામાં આવ્યો.

(૩) આરક્ષણ અને જગ્યાના યોગ્ય ઉપયોગ બાબતે વખતોવખત યોગ્ય હુકમો કરવામાં આવ્યા.

પરિણામે, મહેમાનોની અનુકૂળતા અને સુવિધાઓ ધ્યાને લઈ વખતોવખત કરવામાં આવેલા આદેશો, પરિપત્રો, ઠરાવો અને સુધારા વધારા આ ઠરાવમાં સંકલિત કરવામાં આવ્યા અને વધારામાં રાજયના ગૃહોની રહેઠાણ વ્યવસ્થા, ટેલીફોન નંબર વિ. અગત્યની માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

| | |
|---|---|
| ૨.૦ ગૃહના પ્રકાર તથા ઉપલબ્ધની યોગ્યતા : | રાજ્યમાં અને રાજ્ય બહાર આવેલા ગૃહોમાં સરકારી મહાનુભાવો, અધિકારીઓ અને કર્મચારીઓને સરકારી કામ અર્થે જાય ત્યારે તેમાં ઉતારો મેળવી શકે છે. |

ગુજરાતના ગૃહોમાં નીચે મુજબના પ્રકારો છે.

(૧) અતિથિગૃહો

(૨) વિશ્રામ ગૃહો

(૩) આરામ ગૃહો

(૪) પથિકાશ્રમ

(૫) ગુજરાત ભવનો

**અતિથિગૃહો :–**

અતિથિગૃહો અને તેની સમકક્ષ સુવિધાવાળા બીજા ગૃહો નીચે મુજબના વર્ગમાં આવરી લેવામાં આવેલ છે.

સામાન્ય વહીવટ વિભાગ તરફથી જે વ્યકિતઓને વખતોવખત મહાનુભાવો તરીકે જાહેર કરવામાં આવે તે જેવા કે, ભારતના રાષ્ટ્રપતિ, વડાપ્રધાનશ્રી, કેન્દ્રના મંત્રીશ્રીઓ, બીજા રાજયોના મંત્રીશ્રીઓ તથા વિધાનસભા અધ્યક્ષશ્રીઓ, ગુજરાત રાજયના મંત્રીમંડળના તમામ સ્તરના મંત્રીશ્રીઓ,હાઈકોર્ટના ન્યાયધિશો, રાજયના સંસદસભ્યશ્રીઓ તથા વિધાનસભાના સભ્યો (ધારાસભ્યો), સચિવશ્રીઓ,સંયુકત સચિવશ્રીઓ, નાયબ સચિવશ્રીઓ અને તે જ કક્ષાના બીજા વર્ગ–૧ ના અધિકારીઓ અને ઉપરના તમામ અને બીજા જેઓને મહાનુભાવો તરીકે જાહેર કરવામાં આવે તે તમામ આ ગૃહમાં ઉતારો મેળવવાપાત્ર થાય છે.

**વિશ્રામગૃહ :**

ગેસ્ટ હાઉસ અને ઈન્સ્પેકશન બંગલાઓ આ વર્ગમાં આવરી લેવામાં આવ્યા છે . વર્ગ–૧ અને વર્ગ–૨ ના અધિકારીઓ અને વર્ગ–૩ ના કર્મચારીઓ આ ગૃહમાં ઉતારો મેળવવા પાત્ર છે.

જેઓ અતિથિગૃહોમાં ઉતારો મેળવવાપાત્ર છે તે તમામ આ ગૃહમાં પણ ઉતારો મેળવવા તેટલા જ યોગ્ય છે.

આરામ ગૃહો : બાકીનાં અન્ય ગેસ્ટ હાઉસો કે, જે અતિથિગૃહો અને વિશ્રામગૃહોના વર્ગીકરણમાં આવતા નથી તે આ વર્ગમાં આવરી લેવામાં આવ્યા છે. સરકારી નોકરને આ ગૃહમાં ઉતારો મેળવવા કાયમ અગ્રતાક્રમ આપવાનો રહેશે.

પથિકાશ્રમ : સ્વતંત્ર રૂમો અને ડોરમેટરી રહેઠાણ વ્યવસ્થા સરકારી નોકરી તથા ખાનગી ઈસમો બન્ને ઉપયોગ કરી શકશે.

રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ ધ્વારા ગૃહોનું વર્ગીકરણ કરવામાં અને સુધારવામાં આવશે. આ ગૃહોમાં રહેઠાણ માટે અગ્રતાક્રમ પરિશિષ્ટ–"અ"

મુજબ રહેશે, જે સાથે સામેલ છે.

ગુજરાત રાજ્યની બહાર પરંતુ રાજ્ય સરકારની માલીકીના અને રાજ્ય સરકાર સંચાલિત નીચે મુજબના ગૃહ આવેલા છે :–

(૧) ગુજરાત ભવન, નવી દિલ્હી

(૨) સરદારગઢ અતિથિગૃહ , માઉન્ટ આબુ

(૩) ગુજરાત ભવન, માઉન્ટ આબુ

અતિથિગૃહો : વખતોવખત સામાન્ય વહીવટ વિભાગ તરફથી બહાર પાડવામાં આવતા મહાનુભાવોના (લીસ્ટ મુજબ) જેવાં કે, ભારતના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન્શ્રી કેન્દ્ર સરકારના મંત્રીશ્રીઓ, બીજા રાજ્યના મંત્રીશ્રીઓ તથા વિધાનસભાના અધ્યક્ષશ્રીઓ, ગુજરાત રાજયના મંત્રી મંડળના તમામ સ્તરના મંત્રીશ્રીઓ, હાઈકોર્ટના ન્યાયાધીશો, સચિવશ્રીઓ, સંયુકત સચિવશ્રીઓ, નાયબ સચિવશ્રીઓ, ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ તથા સામાન્ય વહીવટ વિભાગ તરફથી વખતોવખત જાહેર કરવામાં આવે તે મહાનુભાવો અતિથિગૃહોમાં રહેઠાણ મેળવવાપાત્ર છે.

(સરકારી ઠરાવ નં.એવીએ–૧૮૮૫/૨૧૭૪/૯૧/એન–૧,તા.૨/૫/૧૯૮૬)

વિશ્રામ ગૃહો :– વર્ગ–૧,૨, અને ૩ ના અધિકારીઓ કે તેનાથી ઉપરની કક્ષાના અધિકારીઓ વિશ્રામગૃહોમાં રહેઠાણ મેળવવાપાત્ર છે. જેઓ અતિથિગૃહમાં ઉતરવા અધિકૃત છે. તેઓ વિશ્રામગૃહોમાં પણ રહેઠાણ મેળવી શકશે.

ગુજરાત રાજ્ય સરકારના અધિકારીઓ અને મહાનુભાવો માટેની નિયત યાદીમાં સમાવિષ્ટ નહી થયેલા અન્ય રાજ્ય સરકારના મહાનુભાવો બારામાં તેઓની ગુજરાત રાજ્ય સરકારના અધિકારી સમકક્ષ યાદી સામાન્ય વહીવટ વિભાગ (પ્રોટોકોલ) ધ્વારા બનાવવામાં આવશે.

આરામગૃહો : જેઓ અન્ય ગેસ્ટ હાઉસો કે જે અતિથિગૃહો તથા વિશ્રામગૃહોની કક્ષામાં આવતા નથી તેઓનો આ વર્ગમાં સમાવેશ થાય છે. તમામ પ્રકારના સરકારી કર્મચારીઓ આ ગૃહમાં રહેઠાણની સુવિધા મેળવવાપાત્ર છે.

પથિકાશ્રમ : જેઓ અન્ય અતિથિગૃહ કે વિશ્રામગૃહની કક્ષામાં આવતા નથી. તેઓનો આ વર્ગમાં સમાવેશ થાય છે. બધા જ સરકારી કર્મચારી તથા ખાનગી વ્યકિતઓ આ ગૃહમાં રહેઠાણની સુવિધા મેળવવાપાત્ર છે.

ગુજરાત ભવન, નવી દિલ્હી – રાજ્ય સરકારના અધિકારીઓ, ગુજરાત રાજયમાં ઉચ્ચ હોદ્દો ધરાવતી વ્યકિતઓ અને રાજ્ય સરકાર સાથે સંબંધ ધરાવતી સરકારી કામગીરી અંગે સંકળાયેલ વ્યકિતઓ ગુજરાત ભવનની સુવિધા મેળવવાને પાત્ર છે. આ ભવનનો ઉપયોગ ફકત ગુજરાતના નિવાસીઓ જ કરી શકશે.

સરદારગઢ અતિથિગૃહ, માઉન્ટ આબુ – રાજ્ય સરકારના અધિકારીઓ, ગુજરાત રાજયમાં ઉચ્ચ હોદ્દો ધરાવતી વ્યકિતઓ અને બીજાઓ કે જેઓ સરકારી કામગીરી સાથે સંકળાયેલા છે તેઓ સરદારગઢ અતિથિગૃહમાં સુવિધા મેળવવાપાત્ર છે.

ગુજરાત ભવન, માઉન્ટ આબુ

ગુજરાત રાજ્ય સરકારના અધિકારીઓ/કર્મચારીઓ અને અન્ય વ્યકિતઓ ગુજરાત ભવનમાં સુવિધા મેળવવાપાત્ર છે.

– સમાવિષ્ટ શબ્દો કે વાકયોની વ્યાખ્યાઓ વર્ગીકરણો

**(૧) ફરજ પરના સરકારી અધિકારી/કર્મચારી**

સરકારી અધિકારી/કર્મચારી સરકારી કામકાજ અંગે મુખ્ય મથકની બહાર પ્રવાસમાં હોય.

(સરકારી ઠરાવ (જા.બા.ખા.) નં.આઈટીડબલ્યુ–૧૦૬૨–આર તા.૩ જી એપ્રિલ ૧૯૬૨ ના પેરા–બે)

**(૨) બીન ફરજ પરના સરકારી અધિકારી/કર્મચારી.**

સરકારી અધિકારી/કર્મચારી બીનસરકારી કામકાજ અંગે મુખ્ય મથકથી બહારના સ્થળે રહેલ હોય.

**(૩) બિન સરકારી વ્યકિતઓ.**

જે વ્યકિતઓ/અધિકારીઓ રાજ્ય સરકારની સેવામાં નથી.

**(૪) નિવૃત્ત સરકારી અધિકારી/કર્મચારી.**

માત્ર ગુજરાત રાજ્ય સરકારની સેવામાંથી નિવૃત્ત થયેલ હોય તેવા સરકારી અધિકારી/કર્મચારીઓ (રાજ્ય હસ્તકના વૈધાનિક મંડળોના અધિકારી/કર્મચારીઓનો સમાવેશ થતો નથી.)

**(૫) બદલી ઉપરના સરકારી અધિકારી /કર્મચારીઓ**

રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓ જેઓ બદલી ઉપર એક સ્થળેથી બીજે સ્થળે જતા હોય (કે જયાં તેઓનું મુખ્ય મથક નકકી કરવામાં આવ્યું હોય)

**(૬) રાજયમાં ઉચ્ચ દરજજો ધરાવતી વ્યકિતઓ.**

રાજયપાલશ્રી, મુખ્ય મંત્રીશ્રી, મંત્રીશ્રીઓ, રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ, નાયબ મંત્રીશ્રીઓ, સંસદીય સચિવશ્રીઓ, સરકારના સચિવશ્રીઓ, સંયુકત સચિવશ્રીઓ, હાઈકોર્ટના ન્યાયાધિશો, સંસદસભ્યો તથા ધારાસભ્યો.

**(૭) વ્યકિતગત અલાયદો રૂમ.**

સરકારી અધિકારી/કર્મચારી કે વ્યકિત જો સમગ્ર સ્યુટ અથવા રૂમની સુવિધાનો ઉપયોગ કરે.

**(૮) બે વ્યકિતઓ ધ્વારા એક રૂમનો ઉપયોગ.**

(અ) બે સરકારી અધિકારી/કર્મચારીઓ/વ્યકિતઓ એકજ સ્યુટ રૂમમાં સાથે રહે.

(બ) જો કોઈપણ રૂમમાં એક થી વધુ પથારીઓની સુવિધા ઉપલબ્ધ હોવા છતાં અન્ય નિવાસી ઉપલબ્ધ ન હોય અને સમગ્ર રૂમનો કબજો એકજ વ્યકિત ધરાવે તેવા કિસ્સામાં વ્યકિતગત પથારીના ધોરણે દર વસૂલ કરવાનો રહેશે.

**(૯) કુટુંબ**

મુંબઈ મુલ્કી સેવા નિયમોના નિયમ–૯ (૧૮) માં જણાવ્યા પ્રમાણે કુટુંબની વ્યાખ્યામાં સરકારી અધિકારી/કર્મચારી/પત્ની અગર પતિ જે સાથે રહેતા હોય તે (બે) કાયદેસરના બાળકો, અપર બાળકો અને વિધવા માતા કે જેઓ સરકારી નોકર સાથે રહેતા હોય અને તેના ઉપર સંપૂર્ણ આધારિત હોય,

નોંધઃ– વ્યાખ્યા (૭) અને (૮) નીં વિગતો દર્શાવેલ છે તે માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક–એવીએ–૧૧૮૫–(૪૩)– ન (૧) તા.૨૧–૬–૮૮ ના ઉમેરા ક્રમાંક– જીબીડી–૧૪૮૯ –૧૪૮–૪૬– ન(૧) તા.૧૬–૧–૯૦ મુજબની છે.

## ૩.૦ આરક્ષણ અધિકારી અને નિયંત્રણ અધિકારી મરામત અને દેખભાળ કરનાર ઈજનેર.

### ૩.૧ આરક્ષણ સત્તાધિશો અને નિયંત્રણ અધિકારીઓ

રાજયમાં આવેલા જુદાં જુદા પ્રકારના ગૃહોમાં આરક્ષણ મેળવવા આરક્ષણ અધિકારી અગર નિયંત્રિત અધિકારીઓને અરજીઓ કરવી જોઈએ. જેની વિગત નીચે પ્રમાણે છે.

| અ.નં. | ગૃહનો પ્રકાર | આરક્ષણ અધિકારી | | નિયંત્રણ અધિકારી |
|---|---|---|---|---|
| | | રાજય સરકારના અધિકારીઓ માટે | ખાનગી વ્યકિતઓ માટે | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| (અ) | રાજય અંદરના ગૃહો | | | |
| ૧. | અતિથિગૃહ | સંબંધિત અતિથિગૃહોના અધિકૃત મેનેજર | સંબંધિત કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ | સંબંધિત કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ |
| ૨. | વિશ્રામગૃહ | સંબંધિત કાર્યપાલક ઈજનેર, અગર નાયબ કાર્યપાલક ઈજનેર, રાજય તથા પંચાયત માર્ગ અને મકાન વિભાગ/ પેટા વિભાગ | સંબંધિત કાર્યપાલક ઈજનેર, અગર નાયબ કાર્યપાલક ઈજનેર, રાજય તથા પંચાયત માર્ગ અને મકાન વિભાગ/ પેટા વિભાગ | –"– |
| ૩. | આરામ ગૃહ | –"– | –"– | –"– |
| ૪. | પથિકાશ્રમ | કાર્યપાલક ઈજનેર, પાટનગર યોજના વિભાગ નં.૧, ગાંધીનગર | કાર્યપાલક ઈજનેર, પાટનગર યોજના વિભાગ નં.૧, ગાંધીનગર | કાર્યપાલક ઈજનેર, પાટનગર યોજના વિભાગ નં.૧, ગાંધીનગર |
| ૫. | વિશ્રામગૃહ તિથલ (જી.વલસાડ) (એ) ભરચક ઋતુ (પીક સીઝન) | | | |
| | (૧) ૧લી એપ્રિલ થી ૩૦ મી જુન | નાયબ સચિવ (પાટનગર યોજના) માર્ગ અને મકાન વિભાગ, બ્લોક નં.૧૪, સચિવાલય, ગાંધીનગર | નાયબ સચિવ (પાટનગર યોજના) માર્ગ અને મકાન વિભાગ, બ્લોક નં.૧૪, સચિવાલય, ગાંધીનગર | કાર્યપપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, નવસારી. |
| | (૨) ૧લી ઓકટોબરથી ૩૦ મી નવેમ્બર | –"– | –"– | –"– |
| | (બી) સામાન્ય ઋતુ (ઓફ સીઝન) | | | |
| | (૧) ૧લી જાન્યુઆરીથી ૩૧ મી માર્ચ | કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, નવસારી | કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, નવસારી | –"– |
| | (૨) ૧લી જુલાઈથી ૩૦ મી સપ્ટેમ્બર. ૧લી ડીસેમ્બર થી ૩૧ મી ડીસેમ્બર | –"– | –"– | –"– |

| અ.નં. | ગૃહનો પ્રકાર | આરક્ષણ અધિકારી | | નિયંત્રણ અધિકારી |
|---|---|---|---|---|
| | | રાજય સરકારના અધિકારીઓ માટે | ખાનગી વ્યકિતઓ માટે | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| (બ) | રાજય બહારના ગૃહો | | | |
| | ૧. ગુજરાત ભવન, નવી દિલ્હી | મુખ્ય વહીવટી અધિકારી, ગુજરાત ભવન, નવી દિલ્હી. | મુખ્ય વહીવટી અધિકારી, ગુજરાત ભવન, નવી દિલ્હી. | નિવાસી કમિશ્નર, નવી દિલ્હી. |
| | ૨.(૧) સરદારગઢ હાઉસ, માઉન્ટઆબુ | | | |
| | (૨) ગુજરાત ભવન, માઉન્ટ આબુ (પથિકાશ્રમ) | | | |
| | ભરચક ઋતુ (પીક સીઝન) | | | |
| (એ) | (૧)૧લી એપ્રિલથી ૩૦ મી જુન | નાયબ સચિવ(પાટનગર યોજના), માર્ગ અને મકાન વિભાગ, બ્લોક નં.૧૪, સચિવાલય,ગાંધીનગર. | નાયબ સચિવ(પાટનગર યોજના), માર્ગ અને મકાન વિભાગ, બ્લોક નં.૧૪, સચિવાલય,ગાંધીનગર. | કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, પાલનપુર |
| | (૨) ૧લી ઓકટોબરથી ૩૦ નવેમ્બર. | –"– | –"– | –"– |
| | સામાન્ય ઋતુ (ઓફ સીઝન) | | | |
| (બી) | (૧) ૧લી જાન્યુઆરીથી ૩૧ માર્ચ | કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, પાલનપુર | કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, પાલનપુર | કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, પાલનપુર |
| | (૨) ૧લી જુલાઈથી ૩૦ મી સપ્ટેમ્બર | –"– | –"– | –"– |
| | (૩)૧લી ડીસેમ્બર થી ૩૧મી ડીસેમ્બર | –"– | –"– | –"– |

૩.૨ મરામત અને દેખરેખ સત્તાધિશ

(અ) રાજયમાં આવેલ ગૃહો માટે

સંબંધિત કાર્યપાલક ઈજનેર

(બ) રાજય બહાર આવેલા ગૃહો માટે

(૧) ગુજરાત ભવન નવી દિલ્હી

- નિવાસી આયુકત, નવી દિલ્હી (સંબંધિત અધિક્ષક ઈજનેર, અમદાવાદના સહયોગથી)

(૨) સરદારગઢ અતિથિગૃહ અને ગુજરાત ભવન માઉન્ટ આબુ :

કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, પાલનપુર.

૪.૦ આરક્ષણના નિયમો

૪.૧ ફરજ પરના સરકારી અધિકારી/કર્મચારી જગ્યાના આરક્ષણ માટે હક ધરાવે છે.

૪.૨ સરકારી અધિકારી/કર્મચારીએ પોતાના આગમનની તારીખના ૧૦ દિવસ અગાઉ જે તે ગૃહના આરક્ષણ માટે સંબંધિત આરક્ષણ અધિકારીને અરજી કરવાની રહેશે.

અરજી મળતાં આરક્ષણ અધિકારી / આરક્ષણ અંગેની ઉપલબ્ધતા અંગેની પરિસ્થિતિ જોઈ તપાસી અરજદારને આરક્ષણ પાસ તુર્તજ મોકલી આપશે.

૪.૩ બીન ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓ ગૃહોમાં જગ્યા મેળવવા હકકદાર છે. પરંતુ જો ફરજ પરના અધિકારી/કર્મચારીને જગ્યાની જરૂરત પડે કે તુરતજ ખાલી કરી દેવાનું રહેશે. તે શરતે તેમને જગ્યા મળી શકશે. આ નિયમ ગુજરાત ભવન, નવી દિલ્હી તથા સરદારગઢ અતિથિગૃહ અને ગુજરાત ભવન માઉન્ટ આબુ ખાતે પણ લાગુ પડશે.

૪.૪ નિયંત્રક અધિકારીને ખાતાના ઉપયોગ માટે કાયમી ધોરણે અગર કામચલાઉ રીતે ગૃહને અનામત અગર આરક્ષણ કરવાનો અધિકાર રહેશે. આવા ગૃહના આરક્ષણનો છાપેલો ચાર્ટ જેમાં અધિકારીઓ નામ અને કયા અનુસંધાને છે તે યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે. જેથી બીજા કોઈ ખાતાના અધિકારીઓને આવા ગૃહમાં જગ્યા મેળવવા ઈચ્છતા હોય તો તેનો ખ્યાલ આવી શકે.

૪.૫ રાજયપાલશ્રી માટે સંપૂર્ણ ગૃહનું આરક્ષણ બીજા કરતાં અગ્રતાના ધોરણે કરાશે. જો આ ગૃહ ગુજરાતના રાજયપાલશ્રી માટે જરૂરીયાત હોય તો નિયંત્રણ અધિકારી કોઈપણ જાતની જાણ કર્યા વિના કોઈપણ આરક્ષણ રદ કરવાની સત્તા ધરાવે છે.

૪.૬ અતિથિગૃહને કાયમી ધોરણે આરક્ષણ કરવાની સત્તા સરકારને છે જે તે વર્તુળના અધિક્ષક ઈજનેર, વિશ્રામગૃહના કાયમી ધોરણે આરક્ષણ કરવાની સત્તા ધરાવે છે. જે જરૂરત અંગેનો સમય(ગાળો) સરકાર તરફથી વખતોવખત નિર્દેશ કરવામાં આવશે. આરામગૃહને કાયમી ધોરણે આરક્ષિત કરવાની પરવાનગી આપી શકાશે નહિ.

૪.૭ પ્રવાસ ઉપરના રાજયપત્રિત અધિકારીઓને ખાસ કિસ્સામાં ટૂંકા સમય માટે નિયંત્રણ અધિકારીની મંજુરી વિના ગૃહની સુવિધા એ શરતે મેળવી શકશે કે જે તે જગ્યા બીજા આવનાર અધિકારી માટે આરક્ષણ કરેલ હોય તો તેમના આગમન પહેલાં તુર્તજ ગૃહને ખાલી કરી દેવાની રહેશે.

૪.૮ સરકારી અધિકારી/કર્મચારી કે જેઓ આરક્ષણ પાસ ધરાવતા હોય તેમને આગમનની તારીખે સાંજના ૮–૦૦ વાગ્યા પહેલાં ગૃહમાં કબજો લઈ લેવાનો રહેશે (સિવાય કે તેમને તેના કાર્યક્રમમાં ફેરફારની જાણ અગાઉ કરી હશે) નહીંતર આરક્ષણ રદબાતલ ગણાશે અને આ આરક્ષણ બીજા અધિકારી/કર્મચારીને અગ્રતાક્રમ મુજબ આપવામાં આવશે.

૪.૯ બીન સરકારી કે ખાનગી વ્યકિતઓને સંબંધિત કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ કે પંચાયતની પૂર્વ મંજૂરી વિના ગૃહમાં રહેવા દેવામાં આવશે નહી. (સરકારી પરિપત્ર નં.એવીએ–૨૧૮૬–૮૭૪–૩૩– ન(૧), તા.૧૩ મી એપ્રિલ, ૧૯૮૭ અને નં.એવીએ–૨૩૮૬–૧૧૮૮–૪૪– ન:૧ તા.૨મી જુન, ૧૯૮૧).

૪.૧૦ ગુજરાત વિધાનસભા સમિતિઓના સભ્યો તેમના પ્રવાસ કાર્યક્રમ દરમિયાન સાથે આવનાર વિધાનસભા સચિવાલયના અધિકારીઓ/કર્મચારીઓને રાજયના જુદા જુદા સ્થળે અતિથિગૃહો/વિશ્રામગૃહોમાં પ્રવાસ કાર્યક્રમ મુજબ ઉતારાની સગવડ કરવાની રહેશે. (સરકારી પરિપત્ર નં.એવીએ–૨૦૮૪–(૬)– ન.૧ તા.૨જી ફેબ્રુઆરી, ૧૯૮૪).

૪.૧૧ અમદાવાદ ખાતેના એનેક્ષી–અતિથિગૃહને વિશિષ્ટ મહેમાનગૃહ તરીકે જાહેર કરેલ હોઈ નીચે મુજબના મહાનુભાવો, મહેમાનો તથા અધિકારીઓ જ લાભ લઈ શકશે.

**વિશિષ્ટ મહાનુભાવો :**

(૧) માન. રાજયપાલશ્રી, મુખ્યમંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવો.
(૨) સંસદના તથા રાજય વિધાનસભાના અધ્યક્ષશ્રીઓ
(૩) કેન્દ્ર તથા રાજયના માન.મંત્રીશ્રીઓ, રાજયકક્ષાના મંત્રીશ્રીઓ, નાયબ મંત્રીશ્રીઓ, સંસદીય સચિવશ્રીઓ
(૪) સર્વોચ્ચ અદાલત તથા વડી અદાલતના મુખ્ય ન્યાયાધિશો તથા ન્યાયાધિશો.
(૫) રાજયના ભૂતપૂર્વ મંત્રીશ્રીઓ.
(૬) સંસદસભ્યો તથા ધારાસભ્યો.
(૭) સંયુકત સચિવશ્રી અને તેમની ઉપરના દરજ્જાના અધિકારીઓ.
(૮) જગ્યા હોવાની શરતે રાજયના ખાતાના વડાઓ.

૪.૧૨ ગાંધીનગર ખાતેના સરકીટ હાઉસમાં ૧૮ રૂમ ડબલ સીટેડ અને ૭ રૂમ સીગલ સીટેડ છે. આ સરકીટ હાઉસને વિશિષ્ટ મહેમાનગૃહ તરીકે દરજ્જો આપવાનું નકકી કરેલ છે. આ સ્ટેટ ગેસ્ટ હાઉસમાં ફકત નીચે જણાવેલ કક્ષાના જ મહાનુભાવો/સરકારી અધિકારીઓ જ આરક્ષણ મેળવી શકશે.

(૧) બધા જ વિશિષ્ટ મહાનુભાવો

(૨) બધા જ રાજયના રાજયપાલશ્રીઓ અને મુખ્યમંત્રીશ્રીઓ.

(૩) રાજય સરકારના માનનીય મંત્રીશ્રીઓ, રાજયકક્ષાના મંત્રીશ્રીઓ, નાયબ મંત્રીશ્રીઓ.

(૪) સંસદીય સચિવશ્રીઓ.

(૫) કેન્દ્ર સરકારના લોકસભા ગૃહના અને રાજય સરકારોના વિધાનસભા ગૃહોના માન. અધ્યક્ષશ્રીઓ.

(૬) સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિશ્રીઓ તેમજ ન્યાયમુર્તિશ્રીઓ.

(૭) ગુજરાત રાજય વિધાનસભાના બધાજ કાર્યકારી ધારાસભ્યશ્રીઓ.

(૮) કેન્દ્ર સરકારના તથા ગુજરાત રાજયના માજી મંત્રીશ્રીઓ.

(૯) સંયુકત સચિવશ્રીની કક્ષાની નીચેની કક્ષાના ન હોય તેવા ભારત સરકારના અને ગુજરાત સરકારના અધિકારીશ્રીઓ અને માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક– એવીએ–૩૦૮૮–૬૨–ન.૧ તા.૨૦ મી જુન, ૧૯૯૦.

૫.૦ રહેવા–જમવાના દરો અંગેનાં નિયમો:

૫.૧ સરકારી અધિકારીઓ તથા અન્ય પાસેથી રહેવા–જમવા અંગેના દરો સરકાર તરફથી વખતોવખત બહાર પડતા હુકમો મુજબ લેવાશે.

૫.૨ (અ) રહેવા–જમવા પેટેની રકમ જે તે ગૃહના મેનેજરને ચુકવવાની રહેશે.

(બ) સંબંધિત ગૃહના મેનેજર ટ્રીપ્લીકેટ બુકમાંથી પૈસા મળ્યા બદલની પહોંચ (પાવતી) આપવાની રહેશે અને એકઠા થયેલા નાણાંની રકમ નજદીકની ટ્રેઝરી કે પેટા ટ્રેઝરીમાં જમા કરાવવાની રહેશે. મેનેજરે ટ્રેઝરીમાં ભરેલ રકમનું ચલન ટ્રીપ્લીકેટ બુકની બીજી કોપી સાથે પેટા વિભાગમાં જમા કરાવશે અને તે અંગેની રસીદ નાયબ કાર્યપાલક ઈજનેર પાસેથી મેળવશે.

(ક) વાતાનુકુલીન રૂમો/સ્યુટો/ કે જેમાં સુંદર સજાવટ સાથે વાતાનુકુલીત વ્યવસ્થા/ ઉષ્ણતા યંત્રો ગોઠવાયેલ છે. આ પ્રકારના રૂમોનો ઉપયોગ કરનારે તેમાંના વાતાનુકુલિત વ્યવસ્થા/ઉષ્ણતા યંત્રોનો ઉપયોગ કરે કે ન કરે તો પણ તે માટે નિયત થયેલ દર ચુકવવાના રહેશે.

૫.૩ ફરજ ઉપરના અધિકારીઓ માટે જે દરો નકકી કરવામાં આવ્યા છે, તે જે અધિકારીઓ પોતાના મુખ્ય મથકનો પ્રવાસના બહારના સ્થળોએ અંદર મુકામ કરે તેને લાગુ પડશે.

૫.૪ સરકારી અધિકારી ફરજ ઉપરના ચાર કલાક કરતાં વધારે ન હોય તેવા રોકાણ માટે તેમને કોઈ ચાર્જ ચુકવવાનો થતો નથી. પરંતુ તેમને તેમના નામ તથા વિગતો મહેમાન રજીસ્ટરમાં ભરવી જ જોઈએ.

૫.૫ સરકારી અધિકારી બીન ફરજ ઉપર ચાર કલાક કરતાં ઓછા સમય માટે મુકામ કરે તો પણ તેમની પાસેથી ચાર્જ વસુલ કરવાનો રહેશે.

૫.૬ ઉતરવા માટે પ્રવેશની તારીખ અને સમયથી ૨૪ કલાક ગણત્રીમાં લેવાના રહેશે.

૫.૭ (અ) માર્ગ અને મકાન વિભાગના તા.૨૧મી જુન, ૧૯૮૮ ના ઠરાવમાં દર્શાવેલ શરતો મુજબ બાર કલાક કરતાં ઓછા રોકાણ માટે નિયત થયેલ દર કરતાં અડધા દરે (૫૦ ટકા દરના હિસાબે ચૂકવવાના રહેશે.)

૫.૭ (બ) બાર કલાક કરતાં વધારે અને ચોવીસ કલાક સુધીના રોકાણ માટે પુરો દર ભરવાનો રહેશે.

૫.૮ (અ) સરકારી અધિકારી/કર્મચારી ફરજ ઉપર એક જ વ્યકિત આખો સ્યુટ કે રૂમ વાપરે તો ચાર્જ ભરવાનો રહેશે.

૫.૮ (બ) બે સરકારી અધિકારીઓ ફરજ ઉપર જો એક સ્યુટ કે રૂમમાં રહે તો,

૫.૮ (ક) સરકારી અધિકારી/કર્મચારી સાથે આવતા કુટુંબના સભ્યો હોય તો તેવા કિસ્સામાં માર્ગ અને મકાન વિભાગના તા.૧ મી જુન, ૧૯૮૮ ના ઠરાવની જોગવાઈઓ મુજબ રહેવાના દર વસુલ કરવાના રહેશે.

૫.૯ બીન સરકારી કે ખાનગી વ્યકિત ચાર કલાક કરતાં વધુ સમય માટે રહે તો રહેવાનો પુરેપુરો ચાર્જ વસુલ લેવાનો રહેશે અને ચાર કલાક કરતાં ઓછા સમય માટે રહે તો નકકી કરેલા ચાર્જના ૫૦ ટકા ચાર્જ વસુલ લેવાનો રહેશે.

૫.૧૦ બાળકો માટે નીચે પ્રમાણે રહેવાનો ચાર્જ લેવાનો રહેશે.

| ઉંમર | દર |
|---|---|
| (અ) ૧૨ વર્ષથી નીચેના બાળકો | ચાર્જ નથી. |
| (બ) ૧૨ વર્ષ કરતાં વધુ ઉંમરના બાળકો માટે | પુરો ચાર્જ |

૫.૧૧ સરકારી અધિકારી/કર્મચારી પ્રથમ ૧૦ દિવસ સામાન્ય દરથી ગૃહમાં રહી શકશે. દશ દિવસ કરતાં સતત વધુ સમય માટે બીન ફરજ પરનો ચાર્જ ચુકવવાનો રહેશે. જો આગળ સાત દિવસ કરતાં ઓછો સમયનો ગાળો રહેશે તો તેને બ્રેક ગણવામાં નહી આવે પરંતુ રહેઠાણની સળંગ મુદત ગણી રહેવાનો દર લેવાનો રહેશે.

૫.૧૨ રાજય સરકારના અધિકારી/કર્મચારી બીન ફરજ ઉપર ફકત ૧૦ દિવસ ગૃહમાં રહી શકશે. જો તે ૧૦ દિવસ કરતાં વધુ સમય માટે રહેવા ઈચ્છતા હોય તો નિયંત્રક અધિકારીની મંજુરી અગાઉથી લેવાની રહેશે. તેમ છતાં આવી રહેવાની આગોતરી મંજુરી આપતાં ફરજ ઉપરના અધિકારી/કર્મચારીઓને પ્રથમ અગ્રતા આપવાની રહેશે.

૫.૧૩ બીન ફરજ પરના સરકારી કર્મચારી માટે એક કરતાં વધારે ગૃહો એક જ સ્થળે આવેલ હોય ત્યારે દર ગણવાના હેતુ માટે ગૃહનો વસવાટનો એકંદર સમય લેવાનો રહેશે નહી કે દરેક ગૃહનો અલગ અલગ રીતે.

૫.૧૪ રાજયના, કેન્દ્રના અને પંચાયતના અધિકારી/કર્મચારીઓ મુખ્ય મથકની બહાર સરકારી કામ અંગે અગર બદલી ઉપર અતિથિગૃહ/વિશ્રામગૃહ કે આરામગૃહમાં મુકામ કરે તો પ્રથમ ૧૦ દિવસના રહેણાંકનો દર ફરજ ઉપરના અધિકારી તરીકે ચુકવવાપાત્ર દર ગણત્રીમાં લઈને કરવામાં આવશે.

૫.૧૪ (એ) દસ દિવસ કરતાં વધુ સમય માટે ગૃહમાં મુકામ કરતા સરકારી અધિકારીઓ/કર્મચારીઓનો દર બીન ફરજ પરના સરકારી કર્મચારી-અગર કુલ પગારના ૧૦ ટકા બેમાંથી જે ઓછું હોય તે વસુલ કરવાનો રહેશે. તેમના ગૃહમાં રહેણાંકના સમય દરમિયાન કુલ પગારના માસિક ૧૦ ટકા ચાર્જ ભરવાની શરતે તેમના કુટુંબના સભ્યો તે જ રૂમમાં તેમની સાથે રહી શકશે. વધારાનો કોઈ દર ચુકવવાનો રહેશે નહી.

૫.૧૪ (બી) ગૃહમાં દસ દિવસ કરતાં વધુ સમય માટે સંબંધકર્તા અધીક્ષક ઈજનેર, માર્ગ અને મકાન વર્તુળની ખાસ મંજુરી મેળવવાની રહેશે. આવી પરવાનગી વધુમાં વધુ ૩૦ દિવસ માટે જો રૂમ ફાળવવામાં આવેલ હોય તે ફરજ ઉપરના અન્ય આવનાર અધિકારીઓને રહેણાંકની અગવડતા પડે તેમ હોય તો આવી મંજુરી રદ કરી શકાશે. તે શરતે આપી શકાશે. અને તે અંગેનો દર ઉપર મુજબ લેવાનો રહેશે. ત્રીસ દિવસ ઉપરાંતના રહેણાંક માટે સરકારની ખાસ મંજુરી લેવાની રહેશે.

૫.૧૫ નિવૃત્ત સરકારી અધિકારીઓ/કર્મચારીઓને પાંચ દિવસ માટે રાજયના બીન ફરજ પરના સરકારી અધિકારીઓ/કર્મચારીઓ સમકક્ષ ગણીને ગૃહમાં ઉતારો આપી શકાશે. તેમ છતાં નિવૃત્ત સરકારી અધિકારીઓ/કર્મચારીઓ જો કોઈ જાતનો વેપાર ધંધો કરતા હોય તો તેમને બીન સરકારી કે ખાનગી વ્યકિત સમકક્ષ ગણીને દર વસુલ કરવાનો રહેશે.

નોંધ :– નિવૃત્ત સરકારી અધિકારી/કર્મચારીઓ પોતાની ઓળખાણ માટે પેન્શન રોલની પાસબુકની ખરી નકલ પોતાની પાસે રાખવાની રહેશે.

૫.૧૭ રાજ્ય સરકાર હસ્તકના જાહેર સાહસોના (બોર્ડ, નિગમ, કંપની) અધિકારીઓ જો ફરજ ઉપર આવતા હોય તો આવા ગૃહની સુવિધા મેળવવાને પાત્ર છે અને તે માટેના દર નીચે મુજબ લેવાના રહેશે.

જાહેર સાહસોના અધિકારીઓને મળતું દૈનિક ભથ્થુ જો રાજ્ય સરકાર અધિકારીઓ/કર્મચારીઓના દરે, મેળવતા હોય તો તેમનો દર રાજય સરકારના અધિકારીઓ/કર્મચારીઓએ ચુકવવાના દરે વસુલ કરવો પરંતુ જે કિસ્સાઓમાં દૈનિક ભથ્થાનો દર ઉંચો હોય તેઓ પાસેથી ચુકવવા પાત્ર દરના વધુ ૩૦ ટકાના દરે વસુલ કરવાનો રહેશે.

૫.૧૭ નિયંત્રક અધિકારી કે તેના પ્રતિનિધિ જેવા કે, ગૃહના મેનેજર નીચે દર્શાવેલ કારણોસર કોઈપણ વ્યકિત કે વ્યક્તિઓને ગૃહ ખાલી કરાવવાના હકક અબાધિત રાખે છે.

૫.૧૭ (૧) જો રહેનાર વ્યકિત કોઈ ચેપી રોગથી પીડાતો હોય.

૫.૧૭ (૨) જો રહેનાર વ્યકિત ગૃહનો ઉપયોગ કોઈ અનૈતિક હેતુસર કરતો હોય.

૫.૧૭ (૩) જો રહેનાર વ્યકિતની વર્તણૂંક બીજા રહેનારને અગવડતા કે ઉપદ્રવ ઉભી કરનાર હોય તેમ જણાવેલ હોય.

૫.૧૮ ગૃહમાં વસવાટ કરતા અધિકારીઓ/કર્મચારીઓ અંગત અગર સરકારી કામે કરેલ સ્થાનિક ટેલીફોન કે ટ્રંકકોલના બીલો ગૃહ છોડતાં પહેલાં ચુકવી આપવાના રહેશે. ઉપસચિવ અને તેની ઉપરની કક્ષાના અધિકારી તથા મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ ટેલીફોન/ટ્રંકકોલ દરના બીલો જેતે ખાતાને વસુલાત માટે તુર્તજ મોકલી આપવાના રહેશે. આ માટે સરકારી નિયત કરેલ રજીસ્ટરમાં સ્થાનિક કોલ તથા ટ્રંકકોલની પુરેપુરી વિગત લખવાની રહેશે.

૫.૧૯ બીન સરકારી વ્યક્તિઓ કે જેઓ ગૃહમાં રહયા ન હોય પરંતુ તેમના જમવા તથા ચા–પાણી, નાસ્તાનો દર સાથેના પરિશિષ્ટમાં તેનો સમાવેશ કરવામાં ન આવ્યો, તો તે આઈટમો સહિત કુલ્લે બીલના ૨૫ ટકા સર્વિસ ચાર્જ વસુલ કરવાનો રહેશે અને આ રકમ ઠરાવમાં દર્શાવેલ સદરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

૫.૨૦ રાજય સરકારના અધિકારીઓ તરફથી અગર સંપૂર્ણ રાજ્ય સરકાર હસ્તકની સંસ્થાઓ તરફથી જો અતિથિગૃહ/વિશ્રામગૃહ/આરામગૃહમાં કોઈપણ પ્રકારની પાર્ટી યોજવામાં આવે તો ગૃહના પશિશિષ્ટમાં દર્શાવેલ ચીજવસ્તુઓ સિવાયની બીજી કોઈપણ ચીજવસ્તુઓ આપવામાં આવી હોય તો પણ તે સહિત ગણત્રી કરી તેના કુલ રકમના ૧૦ ટકા વધારાનો દર વસુલ કરવાનો રહેશે.

જયારે અર્ધ સરકારી સંસ્થાઓનો આવો દર ખાનગી વ્યકિત ગણી ૨૫ ટકા વધારાનો સર્વિસ ચાર્જ લેવાનો રહેશે. આ સર્વિસ ચાર્જ સરકારમાં નિયત સદર હેઠે જમા કરાવવાનો રહેશે.

૫.૨૧ જમવાના દરના પરિશિષ્ટમાં જેનો સમાવેશ કરવામાં આવ્યો નથી તેવા ખાસ ભોજનની માંગણી કરવામાં આવે તો તેના દર જે તે ગૃહમાં મેનેજર નકકી કરશે અને તે સરકારી અથવા ખાનગી વ્યકિતને બંધનકર્તા રહેશે.

૫.૨૨ અતિથિગૃહ/વિશ્રામગૃહ અને આરામગૃહમાં રહેનાર બીન સરકારી વ્યકિતને ગૃહમાં જમવાનું ફરજીયાત નથી. તેમનો જમવાનો તથા ચા–પાણી નાસ્તા વગેરેનો દર સરકારશ્રી તરફથી વખતોવખત બહાર પાડવામાં આવતા હુકમો અનુસાર લેવાનો રહેશે.

૫.૨૩ અતિથિગૃહ/વિશ્રામગૃહ અને આરામગૃહમાં રહેનાર બીન સરકારી વ્યકિતઓ જેટલા દિવસ રહેવાની માંગણી કરે તે મુજબ ગણત્રી કરીને અગાઉથી દર વસુલ લઈ અનામત તરીકે જમા કરાવવાનો રહેશે અને ત્યારબાદ જ તેમને ગૃહમાં પ્રવેશ આપી શકાશે.

| | |
|---|---|
| ૬.૦ સરદારગઢ અતિથિગૃહ અને પથિકાશ્રમ (ગુજરાત ભવન) માઉન્ટ આબુ અને ગુજરાત ભવન, નવી દિલ્હી ખાતે આરક્ષણમાં છૂટછાટ. | ૬.૧ સર સયાજીરાવ ડાયમન્ડ જ્યુબીલી મેમોરીયલ ટ્રસ્ટ, વડોદરાના ટ્રસ્ટી, સચિવ અને અધિક્ષક જયારે ગુજરાત ભવન, નવી દિલ્હી ખાતે મુકામ કરે ત્યારે તેમને રાજયના વર્ગ–૧ ના સરકારી અધિકારી સમકક્ષ ગણીને રહેવા–જમવા વગેરેના દર વસૂલ કરવાના રહેશે. જો તેઓ ટ્રસ્ટના કામસર ગૃહમાં વસવાટ કરતા હોય તેવા કિસ્સામાં જ છુટછાટનો લાભ મળવાપાત્ર છે. |

૬.૨ કેન્સર સંશોધન કેન્દ્ર, ગુજરાતના નિયામક, તબીબી તજજ્ઞો, મદદનીશ નિયામક (વહીવટ) તથા આ સંસ્થાના જનરલ સેક્રેટરી જ્યારે કેન્સર સોસાયટીના કામ અંગે ગુજરાત ભવન, નવી દિલ્હી ખાતે નિવાસ કરે ત્યારે સરકારના અધિકારી સમકક્ષ ગણીને રહેવા–જમવા વિ.નો દરની વસુલાત કરવાની રહેશે. તેમ છતાં, ફરજ ઉપરના અધિકારીને પ્રથમ પસંદગી આપવાની રહેશે.

૬.૩ ગુજરાત ભવન, નવી દિલ્હી ખાતે જો જગ્યા હોય તો પરદેશી પ્રવાસીઓને ખાનગી વ્યકિત ગણીને રાખી શકાશે અને તેમનો રહેવા–જમવા વગેરેનો દર તે મુજબ ગણત્રી કરી આગોતરા અનામત તરીકે લેવાના રહેશે.

૬.૪ મહાલેખાકાર–ગુજરાત તથા તેમના રાજયપત્રિત અધિકારીઓ ગુજરાત ભવન, નવી દિલ્હી ખાતે ફરજ ઉપર મુકામ કરે તો તેઓ પાસેથી રાજયના સરકારી અધિકારી સમકક્ષ ગણી રહેવા જમવાનો દર વસુલ કરવાનો રહેશે.

૬.૫ જે વ્યકિતઓને રાષ્ટ્રીય પુરસ્કારથી નવાજવામાં આવી હોય જેવી કે "પદ્મશ્રી", "પદ્મભુષણ", "પદ્મવિભુષણ" પાસેથી રાજયના ગૃહોમાં તથા માઉન્ટ આબુ અને નવી દિલ્હી ખાતેના ગુજરાત ભવનમાં સરકારી નોકર બીન ફરજ સમકક્ષ ગણીને રહેવા–જમવા વિ. ના દરની વસુલાત કરવાની રહેશે. જો આવી વ્યકિતઓ નવી દિલ્હી ખાતે રાજય સરકારને લગતી મીટીંગ અગર કોઈ સરકારી સંસ્થાકીય મીટીંગમાં હાજરી આપવા આવે તો ગુજરાત ભવન, નવી દિલ્હી ખાતે તેમને રાજય સરકારના ફરજ ઉપરના અધિકારી સમકક્ષ ગણીને રહેવા જમવાના દર વસૂલ કરવાના રહેશે.

૬.૬ કેન્દ્રીય જાહેર સેવા આયોગ, નવી દિલ્હી ધ્વારા લેવામાં આવતી પરીક્ષાઓમાં બેસવા ગુજરાત રાજયના કોઈપણ ઉમેદવારને નવી દિલ્હી ખાતેના ગુજરાત ભવન ખાતે વસાવટ કરવા દેવામાં આવશે અને તેમની પાસેથી રાજય સરકારના ફરજ પરના અધિકારી સમકક્ષ ગણીને રહેવા જમવાના દર વસૂલાત કરવામાં આવશે આ છુટછાટ પરીક્ષાની આગળના ત્રણ દિવસ અને પરીક્ષા પછીના બે દિવસ પુરતી આપવાની રહેશે.

૬.૭ રાજય સરકારના નિવૃત્ત અધિકારીઓ/કર્મચારીઓ નવી દિલ્હી અગર માઉન્ટ આબુના પ્રવાસ દરમિયાન જગ્યાની ઉપલબ્ધતા પ્રમાણે ૫ દિવસ સુધી ગુજરાત ભવન, નવી દિલ્હી અગર ગુજરાત ભવન, માઉન્ટ આબુ ખાતે વસાવટ કરવા દેવામાં આવશે.

૬.૮ સંસદના બીન સત્ર સમયમાં રાજયના સંસદસભ્યો મીટીંગોમાં હાજરી આપવા જતા હોય તો તેઓ ગુજરાત ભવનમાં થોડા દિવસ માટે વસવાટ કરી શકશે. તેમની પાસેથી આ સમય દરમિયાન રહેવા જમવાનો દર રાજય સરકારના ફરજ પરના અધિકારી સમકક્ષ ગણીને વસુલાત કરવાની રહેશે.

૬.૯ રાજયની મહાનગરપાલીકાના મેયરો અને જીલ્લા પંચાયતોના પ્રમુખો, ગુજરાત ભવન, નવી દિલ્હી અને સરદારગઢ અતિથિગૃહ તથા ગુજરાત ભવન, માઉન્ટ આબુ ખાતે નીચે પ્રમાણેની જોગવાઈ મુજબ રહી શકશે. તેમની પાસેથી રાજયના ફરજ ઉપરના અધિકારી સમકક્ષ ગણીને રહેવા–જમવા વિ.નો દર વસુલ કરવાનો રહેશે.

(૧) કેન્દ્ર સરકાર કે રાજય સરકાર તરફથી બોલાવાયેલ મીટીંગોમાં હાજરી આપવા જતા હોય.

(૨) રાજય સરકારના અધિકારીને મળવાપાત્ર થતુ દૈનિક ભથ્થા પ્રમાણે તેઓ દૈનિક ભથ્થુ મેળવતા હોય.

(૩) આ અંગેનો ખર્ચ જે તે જીલ્લા પંચાયત/મહાનગરપાલીકા પોતે ભોગવવાની હોય.

(૪) જો તેઓ પોતાના અંગત કામોસર જતા હોય તો તેમને ખાનગી વ્યકત ગણીને દર વસુલાત કરવાનો રહેશે.

૬.૧૦ ભારતીય રેડક્રોસ સોસાયટી ગુજરાતના મહા સચિવ રેડક્રોસ સોસાયટીના કામ અંગે નવી દિલ્હી જાય તો ગુજરાત ભવન ખાતે વસવાટ મેળવી શકશે. તેમનો રહેવા–જમવા વિ.નો દર રાજય સરકારના ફરજ ઉપરના અધિકારી સમકક્ષ ગણીને વસૂલ કરવાનો રહેશે.

૬.૧૧ રાજયના ધારાસભ્યો અને સંસદસભ્યો લોકહીતાર્થે પ્રવાસમાં ગુજરાત ભવન, નવી દિલ્હી તથા સરદારગઢ અતિથિગૃહ, માઉન્ટ આબુ ખાતે વસવાટ કરે ત્યારે તેમની ગાડીના વાહન ચાલકને સરકારી અધિકારીના વાહનચાલક સમકક્ષ ગણીને રહેવા–જમવા વિ.નો દર વસુલ કરવાનો રહેશે.

૬.૧૨ જયારે જયારે ગુજરાત સરકારના ખાતાના વડા અગર સંયુકત સચિવ કક્ષાના અધિકારી તથા તેમની ઉપરની કક્ષાના અધિકારીઓના મહેમાનો કે જેઓ કેન્દ્ર સરકારના ઉચ્ચ અધિકારી અગર ખાતાના વડાની કક્ષાના અગર જાહેર સાહસોના અગર નિગમોના અધિકારીઓને ગુજરાત ભવન, નવી દિલ્હી ખાતે આદર સત્કાર અને પરોણાગત ઉજાણી કરે તો તે અંગેના દરની વસુલાત સરકારી અધિકારી માટેના થતા દર મુજબ કરવાની રહેશે.

આજ રીતે જયારે બીજા રાજયોના સંસદસભ્યો તરફથી આગતા સ્વાગતા કે પરોણાગત ઉજાણી વગેરે કરવામાં આવે તો તેનો વસુલાત દર ગુજરાતના સંસદસભ્ય માટે થતા દર મુજબ કરવાનો રહેશે. તેમ છતાં, આવી પરોણાગત પ્રસંગોપાત જ ઉજવી શકાશે, કાયમી ધોરણે નહી.

૬.૧૩ કંડલા બંદર ટ્રસ્ટના નીચેના અધિકારીઓ (૧) અધ્યક્ષ, (૨) નાયબ અધ્યક્ષ, (૩) સચિવ, (૪) મુખ્ય ઈજનેર, (૫) નાયબ સંરક્ષક, (૬) ટ્રાફીક વ્યવસ્થાપક, (૭) મુખ્ય યાંત્રિક ઈજનેર, (૮) અધિક્ષક ઈજનેર, (૯) નાણાંકીય સલાહકાર અને હિસાબી અધિકારી, જ્યારે નવી દિલ્હી મુલાકાતે કચેરીની ફરજ ઉપર આવે અને ગુજરાત ભવનમાં વસાવટ કરે ત્યારે તેઓને વસુલાત દર રાજ્ય સરકારના ફરજ પરના અધિકારી સમકક્ષ ગણીને વસુલાત કરવાના રહેશે.

(જી.આર.નં. એવીએ-૧૪૫૪/૧૨૭૪/૨૨/ન.૧ તા.૩૧-૩-૧૯૮૪)

(જી.આર. નં.એવીએ-૧૪૮૪/૧૨૭૪/૨૨/ન.૧, તા.૪-૫-૧૯૮૪)

૬.૧૪. અંધજન મંડળ, અમદાવાદના મહામંત્રી, મંડળના કામ અર્થે દિલ્હીની મુલાકાત દરમ્યાન 'ગુજરાત ભવન, નવી દિલ્હી' ખાતે રહેવા અંગેની ખાસ કિસ્સા તરીકે પરવાનગી આપવામાં આવશે. રહેવા-જમવાના દરોની વસુલાત રાજ્યના ફરજ પરના અધિકારી સમકક્ષ ગણી કરવાની રહેશે. પરંતુ તેમના અંગત કામ માટેની મુલાકાત વખતે ગુજરાત ભવન ખાતેના વસવાટ માટે ખાનગી વ્યકિત તરીકેના દર વસુલાત કરવાના રહેશે.

૬.૧૫ ગુજરાત કેડર અધિકારીઓને કેન્દ્ર સરકારમાં અથવા કેન્દ્ર સરકારના જાહેર સાહસોમાં નવી દિલ્હી ખાતે પ્રતિનિયુકિત પર મુકવામાં આવે ત્યારે તેઓને નીચે મુજબની શરતે ગુજરાત ભવન, નવી દિલ્હીમાં વસવાટ માટે પરવાનગી આપવામાં આવશે.

(૧) પ્રથમ એક માસ સુધી– અધિકારી અને તેના કુટુંબને પ્રવર્તમાન નિયમોનુસાર ફરજ પરના અધિકારી તરીકે ગણવા.

(૨) એક માસથી ઉપર અને છ માસ સુધી રહેવા અંગેની પરવાનગી નિવાસી આયુકત, નવી દિલ્હી પાસેથી અગાઉથી લેવાની રહેશે. જે માટે રહેવા અંગેનો દર બિન ફરજ પરના અધિકારીના દર સમકક્ષ અથવા તેવા અધિકારીના કુલ પગારના ૧૦ ટકા બેમાંથી જે ઓછું હોય તે ગણાશે.

તથા કુટુંબના અન્ય સભ્ય માટેનો દર પણ 'બીન ફરજ પરના અધિકારી સમકક્ષ' ગણી વસુલાત કરવાના રહેશે.

(૩) છ માસથી વધુ વસવાટના સમય માટે રાજ્ય સરકારની વસવાટ ફાળવણી સમિતિ ધ્વારા વસવાટ અને દર નકકી કરવામાં આવશે.

૬.૧૬ નીચે જણાવેલ ન્યાયમૂર્તિઓને ગુજરાત ભવન, નવી દિલ્હી ખાતે રાહત દરે રહેવાની વ્યવસ્થા આપવામાં આવે છે :-

(અ) ગુજરાતના વડી અદાલતના ન્યાયમૂર્તિઓને તેમની ઉચ્ચ ન્યાયાલયમાં બઢતીથી જાય ત્યારે એક માસ સુધી.

(બ) ગુજરાતની વડી અદાલતના ન્યાયમૂર્તિઓને બીજી વડી અદાલતની બદલી દરમ્યાન એક અઠવાડીયાથી વધુ નહી તેટલા સમય માટે.

(સરકારશ્રીના એડેન્ડમ નં.જીબીડી/૧૪૭૬/૫૬૫૯(૨૬)-ન.૧ તા.૧૩-૭-૧૯૯૭)

૬.૧૭ નવી દિલ્હી ખાતે તાલીમ અર્થે આવતા અધિકારીઓ/કર્મચારીઓને ગુજરાત ભવન, નવી દિલ્હી ખાતે ત્રણ માસ કે તેથી વધુ લાંબા સમય માટે રહેઠાણની સુવિધા એ શરતે આપી શકાશે કે; તેઓના ખાતાના વડા એવું પ્રમાણિત કરે કે તેઓ જે સંસ્થાઓના જેવાં કે, રાષ્ટ્રીય માસ કોમ્યુનીકેશન સંસ્થા, ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લીક એડમીનીસ્ટ્રેશન, ક્રીમીનોલોજી સંસ્થામાં તાલીમ દરમિયાન રહેઠાણની સુવિધા ઉપલબ્ધ નથી.

(સરકારી ઠરાવ નં.જીબીડી/૧૪૭૬/૯૬૭/(૧૫)/ન.૧ તા.૫ મી એપ્રિલ, ૧૯૭૭)

૬.૧૮ ન્યાય ખાતાના રાજ્યપત્રિત અધિકારી, ભારત સરકાર હસ્તકની અપરાધ ચિકિત્સાશાસ્ત્ર તથા અદાલતને લગતા વિજ્ઞાન સંસ્થા ધ્વારા લેવામાં આવતી તાલીમમાં પ્રતિનિયુકિત પર જાય તો ગુજરાત ભવન, નવી દિલ્હી ખાતે તેમના રહેવા-જમવાના દરની વસુલાત રાજયના ફરજ પરના અધિકારી સમકક્ષ ગણી વસવાટ કરવામાં આવશે.

(સરકારી ઠરાવ પ.વ.ડી. નં.જીબીડી/૧૪૭૬/૯૬૭/(૧૫)/ન.૧ તા.૭ મી માર્ચ, ૧૯૭૯)

૬.૧૯ અજમાયશી અખિલ ભારતીય વહીવટી સેવાના અધિકારીઓ (રાજ્ય સરકારશ્રીને ફાળવેલ) તાલીમ અથવા પ્રવાસ અર્થે નવી દિલ્હીની મુલાકાત લે ત્યારે તેમને રાજ્ય સરકારના ફરજ પરના અધિકારી સમકક્ષ ગણી ગુજરાત ભવનમાં રહેવા-જમવાના દરની વસુલાત કરવામાં આવશે.

(સરકારી ઠરાવ પ.વ.ડી.નં.જીબીડી/૨૧૭૫/૨૬૨૫/(૬)/ન.૧ તા.૧૫ મી જાન્યુઆરી, ૧૯૭૬)

૬.૨૦ ગુજરાત રાજ્યની વિવિધ સરકારી હોસ્પિટલોમાં સેવા આપતા તબીબો જ્યારે સરકારી કામ અર્થે દિલ્હી જાય અથવા સરકાર તેઓને સભા સંમેલનોમાં હાજરી આપવા મોકલે ત્યારે તેઓના ગુજરાત ભવનમાં વસવાટ માટે રાજ્ય સરકારના ફરજ પરના અધિકારી સમકક્ષ ગણી રહેવા જમવાના દરની વસૂલાત કરવામાં આવશે.

(સરકારી ઠરાવ પ.વ.ડી. નં.એવીએ/૧૦૭૪/(૧૫)/ન.૧ તારીખ.૧૦મી જાન્યુઆરી, ૧૯૭૬)

૬.૨૧ ગુજરાત રાજ્યના માજી મંત્રીશ્રીઓને ગુજરાત ભવન, નવી દિલ્હી, સરદારગઢ, અતિથિગૃહ અને ગુજરાત રાજ્ય ભવન, માઉન્ટ આબુ ખાતે સળંગ ત્રણ દિવસ સુધી વસવાટ કરવાની પરવાનગી આપવામાં આવશે તે સમય દરમિયાન-તેમના રહેવા–જમવાના દરની વસુલાત રાજ્યના બીન ફરજ પરના અધિકારી સમકક્ષ ગણી કરવામાં આવશે.

(સરકારી (માર્ગ અને મકાન ) ઠરાવ નં.એવીએ/૧૦૮૭/સીએમ.૧૨૫/ (૯૬)ન.૧ તા.૨૪ મી એપ્રિલ, ૧૯૮૯)

૬.૨૨ ગુજરાત રાજ્ય, નવી વિધાનસભાના માજી અધ્યક્ષશ્રીઓ ગુજરાત ભવન, નવી દિલ્હી, સરદારગઢ અતિથિગૃહ અને ગુજરાત ભવન, માઉન્ટ આબુ ખાતે સળંગ ત્રણ દિવસ સુધી વસવાટ કરવાની પરવાનગી આપવામાં આવશે.તે સમય દરમિયાન તેમના રહેવા–જમવાના દરની વસુલાત રાજ્યના બીન ફરજ પરના અધિકારી સમકક્ષ ગણી કરવામાં આવશે.

(રાજ્ય સરકાર (મા. અને મ.) વિભાગના ઠરાવ નં.એવીએ/૧૦૮૭/ સીએમ.૧૨૫/(૯૬)/ન.૧ તા. ૬–૯–૧૯૮૯)

૭.૦ છૂટછાટો : રાજ્ય હસ્તકના જાહેર સાહસો, કેન્દ્ર સરકારના અધિકારીઓ અને રાજ્ય સરકારની બીજી સંસ્થાઓ તથા ખાનગી વ્યક્તિઓને અપાતી છુટછાટો.

૭.૧ (૧) માત્ર કેન્દ્ર સરકારના અધિકારીઓ ફરજ ઉપર આવે ત્યારે અને કેન્દ્ર સરકાર સંચાલિત જાહેર સાહસોના અધિકારીઓ જેમના માટે ખાસ અલગ હુકમો કરવામાં આવે છે તેમને રાજ્ય સરકારના ફરજ ઉપરના અધિકારી સમકક્ષ ગણવા, જ્યારે જેમના અંગે આવા હુકમો કરવામાં ન આવ્યાં હોય ત્યારે તેમને ખાનગી વ્યક્તિ(નૌન ઓફીસીયલ) ગણી અને દરની વસુલાત કરવી.

(ઈન્ડીયન ઓઈલ કંપનીના અધિકારીઓને આવી છુટછાટો મળી શકશે નહી)

(સરકારી મેમોરેન્ડમ નં.એવીએ/૧૪૬૬/અ., તારીખ ૯મી નવેમ્બર,૧૯૬૬)

૭.૧ (૨) સર સયાજીરાવ ડાયમન્ડ જ્યુબીલી અને મેમોરીયલ ટ્રસ્ટ, વડોદરાના ટ્રસ્ટીઓ, સચિવ અને અધીક્ષક જો તેઓ ટ્રસ્ટના કામ અંગે ફરજ ઉપર હોય તો જ રાજ્યના તમામ ગૃહોમાં ઉતરી શકશે અને તેમની પાસેથી રહેવા–જમવા વિ.ના દરો રાજ્ય સરકારના વર્ગ–૧ ના ફરજ ઉપરના અધિકારી સમકક્ષ ગણીને વસુલ લેવાના રહેશે.

(સરકારી ઠરાવ નં. એવીએ–૧૮૭૭/ઓએમ–૧૯/ન.૧ તા.૧૫મી ફેબ્રુઆરી, ૧૯૮૨)

૭.૧(૩) ગુજરાત કેન્સર સંશોધન સંસ્થાના નિયામક, તબીબી તજજ્ઞો અને સહાયક નિયામકશ્રી(વહીવટ), જ્યારે ગુજરાત રાજ્યના વિવિધ સ્થળોએ યોજાતા કેન્સર સંશોધન કેમ્પોમાં હાજરી આપવાના હેતુસર રાજ્ય સરકારના કોઈપણ ગૃહોમાં મુકામ કરે ત્યારે રાજ્ય સરકારના અધિકારી સમકક્ષ ગણી તેઓ પાસેથી રહેવા–જમવાના દરો વસુલ-કરવાના રહેશે. આમ છતાં,-મુકામ બાબતે ફરજ પરના અધિકારીઓને પ્રથમ પસંદગી આપવાની રહેશે.

(સરકારી-ઠરાવ પીડબલ્યુડી નં.એવીએ–૧૧૮૦/૪૩૩૧/(૩૮૭)/ન.૧ તારીખ ૨૭મી મે, ૧૯૮૧)

૭.૨ તારીખ ૧૩ મી જુંન, ૧૯૭૫ના સરકારી ઠરાવમાં દર્શાવ્યા મુજબના ૨૯ દૈનિક વર્તમાનપત્રોના માન. તંત્રીઓ અને જેઓને માહિતી નિયામક, ગુજરાત રાજ્ય તરફથી "માન્ય પત્રકાર" ના કાર્ડ આપવામાં આવ્યા છે તેવાઓને પ્રથમ દસ દિવસ માટે ફરજ પરના સરકારી અધિકારી સમકક્ષ ગણીને દર વસૂલ કરવાનો રહેશે. (સરકારી ઠરાવ નં.એવીએ–૩૦૮૫/૭૧/ન.૧ તા.૨૪મી ઓકટોબર ૧૯૮૬)૧૦ દિવસ ઉપરાંતના સમય માટે બીન ફરજ ઉપરના સરકારી અધિકારી સમકક્ષ અધિકારી ગણીને દર વસુલ કરવાનો રહેશે.

તેમના કુટુંબના સભ્યોનો રહેવા–જમવા અંગેનો દર ઉપરની શરતો મુજબ રહેશે. પત્રકાર સાથે કુટુંબ સભ્ય સિવાય અન્યનો દર ખાનગી વ્યકિત તરીકે ગણીને વસુલ કરવાનો રહેશે.

ગૃહના મહેમાન રજીસ્ટરમાં કુટુંબના સભ્યો તથા અન્યની વિગત અલગ અલગ જણાવવાની રહેશે.

(સરકારી ઠરાવ નં.એવીએ–૧૦૭૪/એ/(૧)/ન.૧ તારીખ ૧૩મી જુન,૧૯૭૫)

(સરકારી ઠરાવ નં.એવીએ–૧૮૭૯/એમ–૩૭૮૫/૧૫૩/ન.૧ તારીખ ૧૩ મી જાન્યુઆરી, ૧૯૮૧)

(સરકારી ઠરાવ નં.એવીએ–૩૦૮૫/૭૫/ન.૧ તારીખ ૨૪મી ઓકટોબર,૧૯૮૬)

૭.૩ ધારાસભ્યશ્રી સાથે આવનાર બે મહેમાનો કે જેમને સરકારી કામના હેતુસર આવેલા હોય તેમને ત્રણ દિવસ માટે બીન ફરજ પરના સરકારી નોકરી સમકક્ષ ગણીને દર વસુલ કરવાના રહેશે. ત્યારબાદ તેઓને બીન સરકારી ગણીને દર વસુલ કરવાનો રહેશે. બે કરતાં વધુ સભ્યો સાથે હોય તો તેમનો દર ખાનગી વ્યકિત સમકક્ષ ગણીને લેવાનો રહેશે.

સરકારી અધિકારી/કર્મચારી સાથે આવેલા કુટુંબના બે સભ્યો કે જેઓ મુંબઈ મુલ્કી સેવા નિયમો અન્વયે કુટુંબની વ્યાખ્યામાં ન આવતા હોય તેઓ ૩ દિવસ માટે સરકારી અધિકારી સાથે રાજ્યના ગૃહોમાં રહી શકશે. તેઓનો રહેવા–જમવા વિ.ના દર બીન ફરજ પરના સરકારી અધિકારી/કર્મચારી સમકક્ષ ગણીને વસુલ કરવાનો રહેશે.

(સરકારી ઠરાવ, (મા. અને મ.) વિભાગના ક્રમાંક નં.એવીએ/૧૧૮૫/૯૭/ન.૧ તારીખ ૧૦ મી ઓગસ્ટ, ૧૯૮૯).

૭.૪ પરદેશી પ્રવાસીઓ રાજ્ય સરકારના અતિથિગૃહો, વિશ્રામગૃહ, આરામગૃહ અને ગુજરાત ભવન, નવી દિલ્હી ખાતે જો જગ્યાની ઉપલબ્ધતા હશે તો રહી શકશે અને તેઓ પાસેથી ખાનગી વ્યકિત ગણીને રહેવા–જમવા વિ.નો દર વસુલ કરવાનો રહેશે.

(સરકારી ઠરાવ નં.એવીએ–૧૦૮૬/ ૧૧૫/ન.૧ તારીખ ૬ઠ્ઠી જુન, ૧૯૮૬)

૭.૫ મહાલેખાકાર, ગુજરાતની કચેરીના અધિકારીઓ રાજ્ય સરકારના ગૃહોમાં રહી શકશે અને તેઓ પાસેથી પ્રથમ ૧૦ દિવસ ઉપરાંત રોકાણ સમય માટે બીન ફરજ ઉપરના સરકારી અધિકારી સમકક્ષ ગણીને દર વસુલ કરવાનો રહેશે.

૭.૬ દેશના કોઈપણ ભાગનું પ્રતિનિધિત્વ કરતા સંસદસભ્યો રાજ્ય સરકારના ગૃહોમાં રહી શકશે અને તેઓ પાસેથી ફરજ ઉપરના અધિકારી સમકક્ષ ગણીને રહેવા જમવાનો દર વસુલ કરવાનો રહેશે.

૭.૭ અખિલ ભારતીય સેવાઓ તથા અન્ય સેવાના અધિકારીઓ ગુજરાતમાં અત્રે તાલીમ અભ્યાસની કામગીરી અંગે આવે તો તાલીમના સમય દરમિયાન તેમને ફરજ પરના સરકારી અધિકારી સમકક્ષ ગણીને ગૃહમાં ૧૦ દિવસ માટે ઉતારી શકાશે. ૧૦ દિવસ ઉપરાંતના સમયના રોકાણ માટે નિયામકશ્રી, સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન, અમદાવાદના સ્પષ્ટ હુકમ મેળવવાનો રહેશે.

૭.૮ 'પદ્મશ્રી', 'પદ્મભૂષણ' 'પદ્મવિભૂષણ' જેવા રાષ્ટ્રીય સન્માનધારકોને રાજ્ય સરકારના ગૃહોમાં સગવડતા મેળવવા સમયે રાજ્ય સરકારના બીન ફરજ પરના સરકારી કર્મચારીઓ સમકક્ષ ગણી દરો વસુલ કરવાનાં રહેશે.

૭.૯ નાયબ સચિવ કક્ષાના રાજ્યના તેમજ ગુજરાત વિધાનસભા, સચિવાલયના તમામ અધિકારીઓ અતિથિગૃહોમાં ઉતારો મેળવી શકશે.

૭.૧૦ જિલ્લા માનદ ગ્રામ્ય હોમગાર્ડ અધિકારીઓ, તથા જિલ્લા માનદ જિલ્લા ગ્રામ્ય મહીલા હોમગાર્ડ અધિકારીઓ અને તાલુકાના માનદ ગ્રામ્ય હોમગાર્ડ અધિકારીઓ જ્યારે તેઓ હોમગાર્ડની કામગીરી અંગે સદર મુકામનો બહારના સ્થળે મુકામ કરે ત્યારે તમામ રાજ્યના ગૃહોમાં વસવાટ મેળવવાને પાત્ર ગણાશે અને તેઓ પાસેથી ફરજ પરના સરકારી અધિકારી સમકક્ષ ગણીને રહેવા-જમવાના દર વસુલ કરવાના રહેશે.

૭.૧૧ સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સરકારી અધિકારી/ કર્મચારીઓનું વિવિધ જુથો જેમને વહીવટી સુધારણાના કામ અને તાલીમ પ્રવાસના હેતુસર રાજ્યના જુદા જુદા ભાગોમાં વહીવટ માળખા અને માપદંડ અંગેના અભ્યાસ અર્થે ૨૦ દિવસ સુધી રાજ્ય સરકાર હસ્તકના ગૃહોમાં રહી શકશે અને તેમની પાસેથી આ સમય માટે રહેવા-જમવા વિ.નો દર સરકારી અધિકારી/કર્મચારી સમકક્ષ ગણીને વસુલ કરવાનો રહેશે.

(સરકારી ઠરાવ ક્રમાંક- એવીએ/૧૫૭૯/યુઓ-૧૬૪/૧૧૮/ન.૧ તારીખ ૩૦મી જુન, ૧૯૭૯)

૭.૧૨ વાણિજ્ય સાહસ વિકાસ મંડળ, કેન્દ્રના સભ્યો એવા સરકારી અધિકારીઓ જો રોજગાર અને ઉદ્યોગના વિકાસ અર્થે અને ગ્રામ્ય પ્રદેશમાં તાલીમ આપવા અંગે જતા હોય તો તેઓને ફરજ પરના સરકારી અધિકારી સમકક્ષ ગણીને રહેવા- જમવા વિ.નો દર વસુલ કરવાનો રહેશે.

તેવી જ રીતે જે સંસ્થા રાજ્ય સરકાર પાસેથી ૧૦૦ ટકા અનુદાન મેળવતી હોય તેના સભ્યો જો સંસ્થાના કામ અંગે રાજ્યમાં પ્રવાસ કરે તો તેઓ રાજ્ય સરકારના ગૃહોમાં ઉતારો મેળવવા માટે પાત્ર છે. તેમની પાસેથી વસુલાતનો દર બીન ફરજ પરના સરકારી અધિકારી સમકક્ષ ગણીને લેવાનો રહેશે.

૭.૧૩ રાજ્ય સરકારના નિવૃત્ત અધિકારી/કર્મચારી રાજ્ય પ્રવાસ અર્થે રાજ્યના ગૃહોમાં તથા ગુજરાત ભવન, નવી દિલ્હી તથા માઉન્ટ આબુ ખાતેના ગૃહોમાં જગ્યા ઉપલબ્ધ હોવાની શરતે તેઓ તેમના કુટુંબ સાથે ફક્ત ૫ દિવસ માટે રહી શકશે અને તેમની પાસેથી બીન ફરજ પરના સરકારી અધિકારી/કર્મચારી સમકક્ષ ગણીને દર વસુલ કરવાનો રહેશે.

૭.૧૪ કેન્દ્ર સરકારમાં પ્રતિનિયુક્તિ ઉપરના પરંતુ ગુજરાતમાં જ નિમાયેલ રાજ્ય સરકારના અધિકારીઓને રાજ્ય સરકારના ગૃહોમાં રોકાણ સમયે રાજ્ય સરકારના ફરજ ઉપરના અધિકારીઓ સમકક્ષ ગણી દર વસુલ કરવાના રહેશે.

૭.૧૫ ગુજરાત રાજ્યની જિલ્લા પંચાયતના પ્રમુખો અને મહાનગરપાલિકાના મેયરો, રાજ્યના અતિથિગૃહ/વિશ્રામગૃહ અને નવી દિલ્હી, ગુજરાત ભવન ખાતે નીચે નિર્દિષ્ટ કરેલ શરતોને આધીન રહીને ફરજ ઉપરના સરકારી અધિકારી સમકક્ષ દરે વસુલાત પાત્ર બનશે.

(૧) જો તેઓ રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર તરફથી બોલાવાયેલ બેઠકમાં હાજરી આપવા જતા હોય-

(૨) પ્રવાસ ભથ્થુ સરકારી અધિકારીને મળતા ભથ્થા મુજબ સમકક્ષ હોય-

(૩) આ અંગેનો ખર્ચ જો જે તે પંચાયત અગર મહાનગરપાલિકા ભોગવતી હોય અને જો તેઓ પોતાનાં અંગત કામ માટે જતા હોય તો ખાનગી વ્યકિત તરીકે દર વસુલાતપાત્ર બનશે.

૭.૧૬ 'કેર' સંસ્થાના કર્મચારીઓ જ્યારે રાજ્યના કોઈપણ ભાગમાં પ્રવાસ કરે ત્યારે તેમને પ્રવેશ મેળવવા અંગે અને રહેવા-જમવા વિ.ના દર માટે રાજ્ય સરકારના અધિકારી/કર્મચારી સમકક્ષ ગણીને દર વસુલ કરવાને પાત્ર રહેશે.

૭.૧૭ ગુજરાત ઔદ્યોગિક સહકારી બેન્કના મુખ્ય વ્યવસ્થાપક જયારે બેંકના કામે જાય ત્યારે રાજયના ગૃહોમાં તેમને ફરજ ઉપરના સરકારી અધિકારી સમકક્ષ ગણીને ઉતારો મેળવવાને પાત્ર છે. આમ છતાં, ફરજ પરના સરકારી અધિકારીને આરક્ષણ અંગે પ્રથમ પસંદગી આપવાની રહેશે.

૭.૧૮ ભારતીય રીઝર્વ બેન્કના કર્મચારીઓને બીન સરકારી તરીકે ગણવાના રહેશે.

૭.૧૯ ભારતીય રેડક્રોસ સોસાયટી, ગુજરાતના મહાસચિવ રાજ્યના ગૃહમાં કે ગુજરાત ભવન, નવી દિલ્હી ખાતે મુકામ કરે ત્યારે તેમને સરકારી અધિકારી સમકક્ષ ગણીને રહેવા–જમવાનો દર વસુલ કરવાનો રહેશે.

(મકાનો અને માર્ગ વિભાગના પરિપત્ર ક્રમાંક– એવીએ–૩૧૭૮/૨૭૯૪/(૧૭)/ ન.૧ તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૭૯)

૭.૨૦ કૃષિ યુનિવર્સિટી ગુજરાતના ઉપ–કુલપતિ, અધિકારીઓ, સભ્યો તથા કર્મચારીઓ જયારે રાજયના ગૃહોમાં મુકામ કરે ત્યારે નીચે મુજબની શરતોને આધીન તેમને ફરજ ઉપરના સરકારી અધિકારી સમકક્ષ ગણીને રહેવા–જમવા વિ.નો દર વસુલ કરવાનો રહેશે :–

(૧) તેઓ કૃષિ યુનિવર્સિટીના કામ અંગે જ આવ્યા હોય.

(૨) રાજયના સરકારી અધિકારી સમકક્ષ પ્રવાસ ભથ્થુ મેળવે છે તે મુજબનું ખાતાના વડાનું પ્રમાણપત્ર રજુ કરે.

(૩) અગ્રતાના ધોરણે નહી પરંતુ જગ્યા ઉપલબ્ધ હોવાની શરતે વસવાટની પરવાનગી આપી શકાશે.

૭.૨૧ ગુજરાત પાઠય પુસ્તક મંડળના ઉપાધ્યક્ષ મંડળના કામ અંગે રાજયના ગૃહોમાં મુકામ કરે તો રાજય સરકારના ફરજ પરના અધિકારી સમકક્ષ ગણી રહેવા–જમવા વિ.નો દર વસુલાત કરવાનો રહેશે.

૭.૨૨ 'યુનિસેફ' ના અધિકારીઓ રાજયના ગૃહમાં મુકામે કરે ત્યારે તેમને રાજય સરકારના ફરજ પરના અધિકારી સમકક્ષ ગણીને રહેવા જમવાના વિ.ના દર વસુલાત કરવાનો રહેશે.

૭.૨૩ બીન ફરજ પરના કેન્દ્ર સરકારના અધિકારીઓ રાજયના ગૃહોમાં મુકામ કરે ત્યારે ખાનગી વ્યકિત (નોન ઓફીસીયલ) ગણીને દર વસુલ કરવાને પાત્ર બનશે. જયારે ગુજરાત સરકારના બીન ફરજ પરના સરકારી અધિકારીઓ કેન્દ્ર સરકારના નિયંત્રણ હેઠળના ગૃહોમાં વસવાટ કરે ત્યારે નિયમો અનુસાર કેન્દ્ર સરકારના બીન ફરજ પરના અધિકારીઓ સમકક્ષ ગણી દર વસુલાતને પાત્ર બનશે.

૭.૨૪ બીરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના ગ્રામ્ય ગૃહ નિર્માણ શાખાના નિયામકશ્રી અને અન્ય કર્મચારીઓ રાજયના ગૃહોમાં મુકામ કરે તો તેમને રાજય સરકારના વર્ગ–૧ ના ફરજ પરના અધિકારી સમકક્ષ ગણી રહેવા–જમવાનો દર વસુલ કરવાનો રહેશે.

૭.૨૫ ભારતીય વહીવટ સેવાના અજમાયશીઓ જેઓ તાલીમ અગર અભ્યાસ અર્થે જે ભારત દર્શનના નામે સામાન્ય રીતે દર વર્ષે જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં પ્રવાસ યોજાય છે. ત્યારે તેઓને રાજય સરકારના ફરજ પરના અધિકારી સમકક્ષ ગણીને રાજયના ગૃહોમાં રહેવા–જમવા વિ.નો દર વસૂલ કરવાનો રહેશે.

૭.૨૬ તેલ અને કુદરતી વાયુ પંચના કર્મચારીઓ જો ગુજરાતના દરિયા કાંઠાના ગેસ તેલની પાઈપલાઈનના કામે આવતા હોય તો ખાસ કિસ્સા તરીકે તેમને કેન્દ્ર સરકારના કર્મચારી સમકક્ષ ગણીને રાજયના અતિથિગૃહો/આરામગૃહોમાં આરક્ષણ અને ઉતારો આપી શકાશે અને રહેવા–જમવા વિ.નો દર તે મુજબ વસુલ કરવાનો રહેશે.

૭.૨૭ રાજય સરકાર કે કેન્દ્ર સરકાર તરફથી ગાંધીનગર ખાતે યોજાયેલ બેઠકમાં હાજરી આપવાના હેતુથી જો તાલુકા પંચાયતના પ્રમુખશ્રી તે મીટીંગમાં હાજરી આપવા માટે આવે ત્યારે તેઓ માત્ર, પથિકાશ્રમ, ગાંધીનગર ખાતે રહી શકશે. તેમની પાસેથી રહેવા–જમવા વિ.નો દર ફરજ પરના સરકારી અધિકારી સમકક્ષ ગણીને લેવાનો રહેશે.

૭.૨૮ નર્મદા વિકાસ જુથના કાર્યકારી અભ્યક્ષ સભ્યો અને સલાહકારોને ગુજરાતમાં જયાં નર્મદાના ગેસ્ટ હાઉસો ન હોય ત્યાં તેમને રાજયના ગેસ્ટ હાઉસો–ગૃહોમાં ઉતારો મેળવવા પાત્ર છે. તેમ જ રાજય સરકારના ફરજ પરના અધિકારી સમકક્ષ ગણીને રહેવા જમવા વિ.નો ચાર્જ વસૂલ કરવો.

૭.૨૯ રાજયના પ્રવાસે આવતા મહાનુભાવોને અને અગત્યના મહેમાનોની ગાડીમાંના ડ્રાયવરો પાસેથી ભોજન (ભારતીય થાળી) નો દર વસૂલ નહી લેતાં, તેના બીલો ડ્રાયવર તથા ગાડીના નામ તથા નંબરની વિગત જણાવી સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને મુલાકાત પુરી થયે દિન–૧૫ માં મોકલી આપવા.

૭.૩૦ રાષ્ટ્રીય જલ સેવા સંસ્થા (એન.ડબલ્યુ.ડી.એ.) ના અધિકારી જયારે રાજયના ગૃહોમાં મુકામ કરે તો તેમને રાજયના ફરજ પરના સરકારી અધિકારી સમકક્ષ ગણીને રહેવા– જમવાનો દર વસુલાત કરવાનો રહેશે.

૭.૩૧ કંડલા પોર્ટ ટ્રસ્ટના નીચે મુજબના અધિકારીઓ (૧) અધ્યક્ષ, (૨) ઉપાધ્યક્ષ, (૩) સચિવ, (૪) મુખ્ય ઈજનેર,(૫) નાયબ સંરક્ષક, (૬) ટ્રાફીક વ્યવસ્થાપક, (૭) મુખ્ય તાંત્રિક ઈજનેર, (૮) અધીક્ષક ઈજનેર,(૯) નાણાંકીય સલાહકાર અને હિસાબી અધિકારી, જો રાજ્યના અતિથિગૃહ/વિશ્રામગૃહ, અમદાવાદ અને ગાંધીનગર તેમજ ગુજરાત ભવન, નવી દિલ્હી ખાતે પોર્ટ ટ્રસ્ટના કામે મુકામ કરે તો સરકારના ફરજ પરના સમકક્ષ અધિકારી ગણીને રહેવા– જમવા વિ.નો દર વસુલ કરવાનો રહેશે.

૭.૩૨ ગુજરાતના રાજ્યના સંસદસભ્યો તથા ધારાસભ્યોને રાજ્યના ગૃહમાં "મહાનુભાવ" ગણીને અગ્રતાક્રમે જગ્યા આપવી.

૭.૩૩ ભારત સરકાર, નવી દિલ્હીના ગૃહ મંત્રાલય હેઠળના કર્મચારીગણ સુધારણા ખાતા હેઠળના કર્મચારી પસંદગી આયોગના અધિકારીઓ ગુજરાતમાં જુદા જુદા પ્રકારની સેવાઓના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારોની અનામત જગ્યાઓ માટે ખાસ પરીક્ષાઓ લેવા માટે આવે અને રાજ્યના જુદા જુદા ગૃહોમાં મુકામ કરે ત્યારે તેમને ફરજ પરના રાજ્ય સરકારના અધિકારી સમકક્ષ ગણીને રહેવા–જમવાનો દર વસુલ કરવાનો રહેશે.

૭.૩૪(૧) વિશિષ્ટ મહાનુભાવો, જેવા કે રાષ્ટ્રપતિશ્રી, વડાપ્રધાનશ્રી સાથેના કાફલાની વધારાની ગાડીના ડ્રાયવર, મોટર મીકેનીક, ઈલેક્ટ્રીશીયન, અને બે મદદગારો પાસેથી ભોજન (ભારતીય થાળી) માટેનો દર વસુલ નહી કરતાં વિશિષ્ટ મહાનુભાવોના મોટરના ડ્રાયવરના કિસ્સા મુજબ તેઓના બિલો પ્રવાસ પૂર્ણ થયાના પંદર દિવસમાં સામાન્ય વહીવટ વિભાગ (પ્રોટોકોલ) ને સદર બીલો સભ્યોના નામ, ગાડી નંબર અને પ્રવાસનો સમય દર્શાવી મોકલાવી આપવા.

૭.૩૪(૨) રાજ્યના મહેમાનો, વિશિષ્ટ મહાનુભાવો અને ખાસ મહેમાનો માટે ફાળવવામાં આવતી સરકારી ગાડીઓના ચાલકોને તથા મહેમાનોની ગાડીઓના કાફલા સાથે મોટર મીકેનીકની ગાડીના સ્ટાફને ભોજન આપવા અંગે કોઈ ચાર્જ લેવાનો રહેશે નહી.

(સામાન્ય વહીવટ વિભાગના અનુક્રમે ઠરાવ ક્રમાંક– પવસ–૧૫૮૧/૬૫૧૨/ધ, તા.૧૬–૬–૮૨ અને (૨) ઠરાવ ક્રમાંક– પવસ–૧૫૮૬/૪૩૯૬/ધ તા.૧૦–૨–૮૭)

૭.૩૫ ભારત સરકારના ગૃહ અને શહેરી વિકાસ (હુડકો) ના અધ્યક્ષ, નિયામકો અને અધિકારીઓ સરકારી કામ અર્થે રાજ્યની મુલાકાતે આવે ત્યારે રાજ્યના ગૃહોમાં તેઓ ઉતારાને પાત્ર છે. તેમને રાજ્ય સરકારના ફરજ પરના અધિકારી સમકક્ષ ગણીને રહેવા–જમવાનો દર વસુલ કરવાનો રહેશે. આમ છતાં, આરક્ષણ માટે ફરજ પરના અધિકારીને અગ્રતા આપવાની રહેશે.

૭.૩૬ ઈન્ડીયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચરલ રીસર્ચ, ન્યુ દિલ્હી અને તેની સંસ્થાઓના અધિકારીઓ રાજ્ય સરકાર સાથે સીધી રીતે સંકળાયેલ કામો અંગે સત્તાવાર મુલાકાતે આવેલ ન હોય તો પણ રાજ્યના ગૃહોમાં રાજ્ય સરકારના ફરજ પરના અધિકારી સમકક્ષ ગણીને રહેવા–જમવાનો દર વસૂલ કરવાને પાત્ર બનશે.

૭.૩૭ ઈન્ડીયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચરલ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ, નવી દિલ્હીએ પોતાના હસ્તકના ગેસ્ટ હાઉસમાં ગુજરાત રાજ્યના અધિકારીઓને પણ ઉતરવા માટે પારસ્પરિક ધોરણ રાહત દરે વ્યવસ્થા ગોઠવી છે.

૭.૩૮ રાજ્ય હસ્તકના બોર્ડ, નિગમ અને કંપનીના અધ્યક્ષ, નિયામકો, સભ્યો અને અધિકારીઓ તથા કર્મચારીઓ બોર્ડના કામ અંગે રાજ્યના ગૃહોમાં બોર્ડના કામે ઉતારો મેળવે ત્યારે તેમને દસ દિવસના સમય માટે ફરજ ઉપરના સરકારી અધિકારી સમકક્ષ ગણીને દર લેવાનો રહેશે. તેમને મળતું રોકાણ ભથ્થુ અને અન્ય આકસ્મિક ભથ્થું રાજ્ય સરકારના તેઓના સમકક્ષ અધિકારીઓને મળતા આવા ભથ્થા અંગેનું પ્રમાણપત્ર બોર્ડ, નિગમ, કંપનીના મુખ્ય કારોબારી અધિકારી પાસેથી મેળવવાનું રહેશે.

જો તેઓ બીન ફરજ સમય દરમિયાન મુકામ કરશે તો તેમનો દર ખાનગી વ્યક્તિ (નોન ઓફીશીયલ) ગણીને વસુલ લેવાનો રહેશે.

૭.૩૯ સચિવાલયના કોઈપણ વિભાગ તરફથી કોઈ કમીટીની રચના કરવામાં આવે અને તેમાં બીન સરકારી સભ્યને નિમવામાં આવે તો તેવા હુકમની નકલ સંબંધકર્તા કાર્યપાલક ઈજનેર અને સંબંધિત ગૃહના મેનેજરોને મોકલવાની રહેશે.

ઉપરોક્ત હુકમોમાં ગૃહના ઉપયોગ માટે તેવા બીન સરકારી સભ્યને રાજ્ય સરકારના ફરજ પરના અધિકારીઓ સમકક્ષ ગણવાનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે અને સમિતિના કામકાજના સંબંધમાં લેવાયેલ મુલાકાત સમયે આવા બીન સરકારી સભ્ય પાસેથી રાજ્ય સરકારના ફરજ પરના અધિકરારીઓ સમકક્ષ ગણી વસુલાત કરવાની રહેશે.

૭.૪૦ ભારતીય વિદેશ સેવાના અજમાયશીઓની નિમણૂંક ગુજરાતના જિલ્લા તાલીમ માટે થઈ હોય તો

૭.૫૨ ગુજરાત જાહેર સેવા આયોગના નિવૃત્ત અધ્યક્ષશ્રીઓ/સભ્યશ્રીઓને તેઓના પ્રવાસ દરમિયાન ગુજરાત રાજ્યમાં આવેલા ગૃહોમાં તેમજ ગુજરાત ભવન, નવી દિલ્હી અને માઉન્ટ આબુ તેમજ સરદારગઢ , અતિથિગૃહ માઉન્ટ આબુ ખાતે ગુજરાત રાજ્યના બીન ફરજ પરના અધિકારી તરીકે ગણી એકી સામટા વધુમાં વધુ ત્રણ દિવસ સુધીના સમયગાળા માટે રહેવા–જમવાની સગવડ આપવી.

(માર્ગ અને મકાન વિભાગ ઠરાવ ક્રમાંક–એવીએ–૪૦૮૯/ ૩૩૮૨/ પુઓ–૧૬/(૧૧૧)/ન.૧ તા.૧૫–૫–૯૦)

૭.૫૩ નગરપાલિકાના પ્રમુખશ્રીઓને જ્યારે નગરપાલિકાના/સરકારી કામકાજ માટે અમદાવાદ/ગાંધીનગર તથા પથિકાશ્રમ, ગાંધીનગર ખાતે સરકારી અધિકારી સમકક્ષ ગણી રહેવા–જમવાની સગવડ આપવી અને તે અંગેનો દર વસુલ કરવાનો રહેશે.

(માર્ગ અને મકાન વિભાગ ઠરાવ ક્રમાંક–એવીએ/૧૦૯૦/એમઆર/૯(૫૦)/ન.૧ તા.૯–૧૧–૯૦)

૭:૫૪ બદલી પર જતા સરકારી અધિકારીઓ/કર્મચારીઓને રાજ્ય સંચાલિત માર્ગ અને મકાન વિભાગ હેઠળના અતિથિગૃહો/વિશ્રામગૃહો /આરામગૃહોમાં બદલીના કારણે કોઈ કિસ્સામાં ૧૦ +૩૦ = ૪૦ દિવસ કરતાં વધુ સમય માટે રહેવાની ફરજ પડે તો અધિક્ષક ઈજનેરની સત્તામાં અપાતી મુદત વધારાની મંજુરી મેળવ્યા બાદ સરકારની મંજુરી મેળવવાની રહે. તે સમયની મુદત પુરી થયા બાદ પણ જો કોઈ અધિકારી/કર્મચારી બીન અધિકૃત રીતે ગૃહમાં રહે તો તેઓની પાસેથી બીન ફરજ પરના અધિકારી/કર્મચારીને નિયત થયેલ ચાર્જ કરતાં ત્રણ ગણો ચાર્જ વસુલ કરવાનો રહેશે અને બીન અધિકૃત રોકાણ સમય ગણી જે તે સામે ખાતાકીય રીતે શિસ્તભંગનાં પગલાં લેવા જે તે ખાતાના વડાને સુચના આપેલ તેમજ તે અધિકારી/કર્મચારીને જે ગૃહમાં મળતી બધી જ સેવાઓ તાત્કાલિક ધોરણે બંધ કરવા સુચના આપેલ છે.

(માર્ગઅને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક– એવીએ–૧૦૯૦/મં.૭૯/(૫૨)/ન.૧ તા.૪–૪–૯૧)

તે તાલીમના સમયગાળા માટે રાજ્યનાં ગૃહોમાં રાહતદરે રહેવા જમવા માટેની સગવડતા આપવાની રહેશે.

૭.૪૧ જે ગૃહોમાં લીન્ક/સર્કીટ કોર્ટ કાયદાકીય કેસોના નિકાલ માટે ચલાવવાનો ઉપયોગ થતો હોય તેવી કોર્ટના ન્યાયાધીશ અને તેમના સહ કર્મચારીગણને આરક્ષણ આપવામાં આવેલ હોય તો રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે કે આવું આરક્ષણ કોઈપણ સંજોગોમાં રદબાતલ ઠરાવવું નહી.

૭.૪૨ રાજ્યના ભૂતપૂર્વ મંત્રીશ્રીઓ, રાજ્યના તમામ ગૃહોમાં સતત ત્રણ દિવસ સુધી રહી શકશે. તેમને બીન ફરજ પરના સરકારી અધિકારી સમકક્ષ ગણીને રહેવા જમવાનો દર વસુલ કરવાનો રહેશે.

૭.૪૩ રાજ્યના અધિકારી/કર્મચારીઓ અખિલ ભારતીય સેવાના ગુજરાત સરકારને ફાળવાયેલ અધિકારીઓ કેન્દ્ર સરકાર હસ્તકની જાહેર સાહસોની કચેરીઓ, બીજા રાજ્યો, રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ, નિગમ વિ.માં પ્રતિનિયુક્તિના ધોરણે ગયા હોય તેઓ ગુજરાત ભવન, નવી દિલ્હી, સરદારગઢ અતિથિગૃહ તથા ગુજરાત ભવન, માઉન્ટ આબુ અને રાજ્યોના તમામ ગૃહોમાં ઉતારો મેળવી શકશે. તેમને પ્રથમ ૧૦ દિવસ સુધી રાજ્ય સરકારના અધિકારી સમકક્ષ ગણીને રહેવા–જમવાનો દર વસુલ લેવાનો રહેશે. જો જરૂર જણાય તો તેમને પ્રવાસ ભથ્થા અંગેનું પ્રમાણપત્ર ચકાસણી માટે ફરીથી રજુ કરવાનું રહેશે.

૭.૪૪ નગરપાલિકાના અધ્યક્ષ અને મુખ્ય અધિકારીઓ કચેરી કામ અંગે આવેલ હોય તો રાજ્યના અતિથિગૃહ, વિશ્રામગૃહ અને આરામગૃહમાં ઉતરી શકશે અને તેઓ પાસેથી રાજ્ય સરકારના ફરજ પરના અધિકારી સમકક્ષ ગણીને રહેવા–જમવા વિ.નો દર વસુલ કરવાનો રહેશે. આમ છતાં, ફરજ પરના સરકારી અધિકારીને આરક્ષણ અગ્રતાક્રમે આપવાનું રહેશે.

૭.૪૫ સંરક્ષણ(આર્મી) લશ્કરી ભરતીના અધિકારીઓ તથા જે.સી.ઓ.એસ. અને એન.સી.ઓ.એસ.ની ભરતી ટીમ જો તેઓ ભરતીના કામ અંગે આવ્યા હશે તો રાજ્યના કોઈપણ ગૃહમાં વિના મૂલ્યે ઉપયોગ કરી શકશે. જુનીયર ઓફીસર કક્ષાથી ઉપરની ભરતી અધિકારીઓને આરક્ષણમાં અગ્રતા આપવાની રહેશે.

૭.૪૬ ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ રાજ્યના અતિથિગૃહ, વિશ્રામગૃહ અને આરામગૃહમાં સતત ત્રણ દિવસ સુધી રહી શકશે. તેમને રાજ્યના બીન ફરજ પરના સરકારી અધિકારી સમકક્ષ ગણી રહેવા–જમવા વિ.નો દર વસુલ કરવાનો રહેશે. (ઠરાવ ક્રમાંક– એવીએ–૧૦૮૭/ સીએમ–૧૨૫/ (૯૬)/ન.૧ તા.૬–૯–૮૯)

૭.૪૭ સરકારી ગૃહોમાં રહેવા–જમવાની સગવડ મેળવનાર ખાનગી વ્યક્તિઓ પાસેથી નિયત ધોરણ અનુસાર રહેવા જમવાની થતી અપેક્ષિત ખર્ચની રકમ/ ગૃહની વપરાશ કરતા પહેલાં ડીપોઝીટ તરીકે વસુલ કરી સગવડ આપવાની રહેશે. આમ ન કરવાને કારણે બાકી પડતી રકમ માટે ગૃહના મેનેજરની જવાબદાર ગણી તે રકમ તેમની પાસેથી વસુલ કરવાની રહેશે.

(માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક–એવીએ–૩૦૮૯/૫૬૯/(૪૩)/ન તા.૧૭–૧૧–૮૯)

૭.૪૮ સરકારી વિભાગો/અર્ધ સરકારી સંસ્થાઓ/ખાનગી સંસ્થાઓ મારફત ગુજરાત રાજ્યના અતિથિગૃહ/વિશ્રામગૃહની કમીટી રૂમનો ઉપયોગ જ્યારે મીટીંગ માટે કરવામાં આવે ત્યારે ઠરાવ ક્રમાંક– એવીએ–૧૦૮૫/૧૩૪૨/(૬૧)/મ.૧ તા.૧૨–૧–૯૦ માં નિયત કરેલ દરે કમીટી રૂમનું તેમજ તેમાં દર્શાવેલ શરતોનું પાલન પણ કરવાનું રહેશે.

૭.૪૯ ઉપરોક્ત ફકરા ૭.૪૮ માં સરકારી વિભાગો દ્વારા ગુજરાત રાજ્યના અતિથિગૃહો/ વિશ્રામગૃહોના કમીટી રૂમનો ઉપયોગ જ્યારે મીટીંગ માટે કરવાનો હોય ત્યારે સંદર્ભમાં જણાવેલ ઠરાવની શરત નં.૨ મુજબ ભાડું પ્રથમથી જ ભરવાનો આગ્રહ રાખવો નહીં. તેનો ઉપયોગ થયા પછી જે તે ગૃહના મેનેજરશ્રી નિયમ મુજબ થતુ બીલ જે તે સંબંધિત વિભાગને તાત્કાલિક મોકલી આપવું અને બીલની રકમ દિન–૪ માં ભરપાઈ કરવા જણાવવું.

૭.૫૦ ગુજરાત રાજ્યમાંથી ચુંટાયેલા કેન્દ્ર સરકારના માજી મંત્રીશ્રીઓને તેઓશ્રીના પ્રવાસ દરમ્યાન ગુજરાત રાજ્યમાં આવેલા ગૃહો તથા ગુજરાત ભવન, નવી દિલ્હી અને માઉન્ટ આબુ તેમજ સરદારગઢ અતિથિગૃહ, માઉન્ટ આબુ ખાતે ગુજરાત રાજ્યના બીન ફરજ પરના અધિકારી તરીક ગણી એકી સામટા વધુમાં વધુ ત્રણ દિવસ સુધીના સમયગાળા માટે રહેવા–જમવાની સગવડ આપવાનો નિર્ણય લીધેલ છે.

(માર્ગ અને મકાન વિભાગ ઠરાવ ક્રમાંક–એવીએ–૧૦૮૭/સીએ–૧૨૫/૯૬/ન.૧ તા.૬–૩–૯૦)

૭.૫૧ અન્ય રાજ્યોની વડી અદાલતોના ન્યાયમૂર્તિઓ જ્યારે રાજ્યની બિન સત્તાવાર કે સત્તાવાર કે અંગત મુલાકાતે આવે ત્યારે રાજ્યના અતિથિગૃહ/વિશ્રામગૃહમાં રોકાણ કરે ત્યારે તેઓ બિનફરજ પરના સરકારી અધિકારી સમકક્ષ ગણીને તેઓ પાસેથી રહેવા–જમવાના દરો વસુલ કરવાના રહેશે.

(માર્ગ અને મકાન વિભાગ ઠરાવ ક્રમાંક–એવીએ–૧૪૮૯/૧૬૯૫/૧૮૯/ન.૧ તા.૧૧–૪–૯૦)

૮.૦ પ્રકીર્ણ .

(૧) સામાન્ય વહીવટ વિભાગના પ્રોટોકોલના નિયમો અંન્વયે કેન્દ્ર સરકારની ઉચ્ચ કક્ષાની સમિતિએ વિદેશે અથવા અન્ય રાજ્યોમાંથી આવેલ વિશિષ્ટ વ્યકિતઓ અથવા અતિથિ વિશિષ્ટ મહાનુભાવોની રાજ્યની મુલાકાત દરમિયાન આરક્ષણ અને ભોજન અંગેની સગવડતાઓ અપાય ત્યારે તે અંગેની જાણ નાયબ સચિવશ્રી (પાટનગર યોજના) લેખિતમાં અને આકસ્મિક સમયમાં તારથી કરવી. તમામ ગૃહોના મેનેજરોને આ બાબતનું પાલન સંખ્તાઈપૂર્વક કરવાનું રહેશે.

(૨) ખાનગી વ્યકિતઓએને સંબંધિત કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ અથવા પંચાયતની પૂર્વ મંજુરી વિના ગૃહમાં ઉતારી શકશે નહી.

(૩) બેંકીગ ભરતી સેવા બોર્ડ, વડોદરાના અધ્યક્ષશ્રી, આર.વી. ચંદ્રમૌલી (આઈ.એ.એસ.) નિવૃત્તને રાજયના ગૃહોમાં તથા ગુજરાત ભવન, નવી દિલ્હી ખાતે ફરજના સમય દરમિયાન રાજ્ય સરકારના વર્ગ–૧ ના અધિકારી સમકક્ષ દરે ઉતારો મેળવી શકશે.

(૪) અપરાધ ચિકિત્સાશાસ્ત્ર અને વહીવટી શુધિધકરણ વિભાગ, તાતા સમાજ વિજ્ઞાન સંસ્થા, મુંબઈના વ્યાખ્યાતા અને તેઓ સંયુકત રાષ્ટ્રમાં પત્રકાર (ભારતમાં) તરીકે કામગીરી બજાવે છે. તે આ ક્ષેત્રમાં પૂર્વ વિભાગના ગુન્હેગારોની સારવાર અને પ્રતિબધ્ધતા સંબંધિત જયારે રાજયના ગૃહમાં ઉતારો મેળવે ત્યારે રાજયના ફરજ પરના અધિકારી સમકક્ષ ગણીને રહેવા–જમવાનો દર વસુલ કરવાનો રહેશે.

(૫) સુરત વિભાગમાં ખાંડ ઉદ્યોગ કારખાનામાં કામ કરતા કામદારો અંગે નિમાયેલ ઉચ્ચ કક્ષાની સમિતિના અધ્યક્ષ તથા તેના સભ્યો તેમજ સરકારી મજુર કમિશ્નર ઉપરોક્ત કામ સંબંધી રાજયના ગૃહોમાં મુકામ કરે ત્યારે તેમને ફરજ પરના સરકારી અધિકારી સમકક્ષ ગણીને રહેવા–જમવા વિ.નો દર વસુલ કરવાનો રહેશે.

(૬) મેન્યુઅલના પરિશિષ્ટ–૨૦ માં જણાવેલ સામાન્ય શરતો મુજબ તમામ ગૃહોમાં રસોઈ કામ માટે અગ્નિ પદાર્થ સળગાવવાની મનાઈ ફરમાવવામાં આવી છે. તે મુજબ સુચનાઓનુ આ બાબતનું પાલન ચુસ્તપણે કરવાનું રહેશે.

(૭) રાજ્યની કૃષિ યુનિવર્સિટી સિવાયના અન્ય તમામ યુનિવર્સિટીના ઉપ–કુલપતિ, અધિકારીઓ અને કર્મચારીઓ તેઓ ફરજ ઉપર હોય તો પણ ખાનગી વ્યકિત ગણવા.

(૮) સરકારી અધિકારીઓ/કર્મચારીઓ કે જેઓ ગૃહમાં ઉતારો મેળવે નહી પરંતુ ભોજન માટે જો સમયસર વર્ધી નોધાવે તો તેઓ સરકારે નિયત કરેલ દરે ભોજન વ્યવસ્થા મેળવી શકશે.

(૯) જે ધારાસભ્યોનું કાયમી નિવાસસ્થાન જે સ્થળે હોય તે જગ્યાના અતિથિગૃહ/ વિશ્રામગૃહ કે આરામગૃહમાં કાયમી ધોરણે વસવાટ સગવડ આપવી નહી. પ્રસંગોપાત ખાસ કિસ્સાઓમાં જ્યારે વિધાનસભા ચાલુ ન હોય તેવા સમયમાં બે થી ચાર દિવસ માટેના ટુંકા સમય માટે આવી સગવડતા આપી શકાશે. પરંતુ આ નિયમોની જોગવાઈ હેઠળ એક યા બીજા પ્રકારે ભંગ ન થાય તે ખાસ જોવું.

(૧૦) કેન્દ્ર સરકાર હસ્તકના પાણી પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ બોર્ડની કામગીરી અંગે રાજયના ગૃહોમાં મુકામ કરે ત્યારે તેમને કેન્દ્ર સરકારના અધિકારી સમકક્ષ ગણીને રહેવા–જમવાનો દર વસુલ કરવાનો રહેશે.

(૧૧) રાજ્યમાં જાહેર સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ દુષ્કાળ રાહત અને અછતની કામગીરી અંગે કામ કરતા હોય (ઓળખપત્ર ધરાવતા હોય) તો તેઓ રાજયના અતિથિગૃહ/વિશ્રામગૃહ અને આરામગૃહમાં બીન સરકારી વ્યકિતઓ કરતાં અગ્રતાક્રમે આરક્ષણ મેળવી ઉતારો મેળવવા પાત્ર બનશે. તેમનો રહેવા–જમવા વિ.નો દર ખાનગી વ્યક્તિ તરીકેનો લેવાનો રહેશે.

(૧૨) મુંબઈ ખાતેથી પ્રસિધ્ધ થતા ગુજરાતી દૈનિક વર્તમાનપત્રો જેવાં કે "જન્મભૂમિ"·"મુંબઈ સમાચાર" અને "જનશકિત"ના તંત્રીઓને રાજયના અતિથિગૃહ/વિશ્રામગૃહ/આરામગૃહમાં ફરજ પરના રાજય સરકારના અધિકારી સમકક્ષ ગણીને દર વસુલ કરવાનો રહેશે.

(૧૩) ગૃહના મેનેજરશ્રીને રાજયના માનનીય મંત્રીશ્રીઓને તેઓના પ્રવાસ દરમિયાન રાજયના ગૃહોમાં રોકાણ દરમિયાન તેમની સંપૂર્ણ કાળજી રાખવા અને સરકારશ્રીના આરક્ષણ અંગેના પ્રવર્તમાન નિયમોનુસાર તાત્કાલિક રીતે યોગ્ય વ્યવસ્થા સમયસર કરવાની રહેશે અને આ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૪) (અ) બધા જ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ તથા મેનેજરશ્રી, અતિથિગૃહ/વિશ્રામગૃહ/આરામગૃહ, ગુજરાત ભવન, નવી દિલ્હીને સુચના આપવામાં આવે છે કે, સચિવાલયના અધિકારીઓ/કર્મચારીઓ તેઓની ફરજના ભાગરૂપે જે તે સ્થળની મુલાકાત લે અને તે ગૃહોમાં આરક્ષણ માગે ત્યારે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર તેમજ ઉપલબ્ધતાને ધ્યાનમાં લઈ તેઓને આવી સગવડ માટે અગ્રતા આપવી.

(૧૪) (બ) ગાંધીનગર ખાતે રમત–ગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને તેને લગતા અન્ય હેતુસર આવતા વિદ્યાર્થીઓને પથિકાશ્રમ, ગાંધીનગર ખાતે રહેવાની સગવડ આપવામાં આવે છે. તેઓની પાસે ખાનગી વ્યકિતના ધોરણે દરરોજ રૂ.૪૦/– ના ચાર્જ વસુલ કરવાને બદલે દરરોજના રૂ.૨૦/– નો દર વસુલ કરવાનો રહેશે.

(માર્ગ અને મકાન વિભાગના ક્રમાંક– એવીએ–૧૧૮૫/૪૩/ન.૧ તા.૨૩–૭–૯૦)

(૧૫) રાજય હસ્તકના અતિથિગૃહો/વિશ્રામગૃહો/આરામગૃહો/ ગુજરાત ભવન,/પથિકાશ્રમ વગેરેમાં ઉતરનાર મહેમાનો માટેનું રજીસ્ટર રાખવા અને જયારે જયારે મહેમાનને રૂમ ફાળવવામાં આવે ત્યારે તેઓના નામ, હોદ્દો, આવ્યાની તારીખ અને સમયની નોંધ અચૂક રજીસ્ટરમાં લેવામાં આવે તે અંગે સંપૂર્ણ કાળજી રાખવી. તેના અમલ માટે અધિક્ષક ઈજનેરશ્રી/કાર્યપાલક ઈજનેરશ્રી/ મેનેજરશ્રી જવાબદાર રહેશે. આ સુચનાનો ભંગ કરનાર સામે કડક પગલાં લેવામાં આવશે.

(માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર ક્રમાંક– નં.એવીએ–૧૦૯૦/મ–૩૧/ (૬૩)/ન.૧ તા.૨૪–૧૦–૧૯૯૦)

૯.૦ ગુજરાત રાજ્યના ફરજ ઉપરના અધિકારીઓ /કર્મચારીઓ માટે અન્ય રાજ્ય સરકારના વિવિધ ગૃહોમાં પારસ્પરિક સમજુતિના ધોરણે રહેવા–જમવાની છુટછાટ દરોની વિગત.

| અ.નં. | રાજ્યનું નામ | રાજ્ય તરફથી પારસ્પરિક સમજુતિના ધોરણે પુરી પાડવામાં આવતી રહેઠાણ અંગેની વિગત. | રાજ્ય સરકાર તરફથી પુરી પડાતી રહેઠાણ સુવિધામાં કોઈ ફેરફાર હોય તો તે | ગુજરાત સરકારના પત્ર/ ઠરાવ નંબર | શેરો. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | રાજસ્થાન | રહેવા–જમવા વિ. | ફક્ત જે અધિકારીઓનો માસિક પગાર રૂ.૩૦૦૦ કે તેથી વધુ હોય તેઓ આ સગવડતાનો લાભ મેળવવાપાત્ર છે. | નં.એવીએ–૧૦૬૬/ ૫૧/ન.૧ તા.૨૫–૧–૮૮ | આ જ શરતો રાજસ્થાન સરકારના અધિકારીઓ ગુજરાતમાં આવે ત્યારે લાગુ પડશે. |
| ૨ | દાદરા નગર હવેલી | –"– | –"– | નં.એવીએ–૧૦૬૬/ એ–૧ તા.૧૯/૧૨/૭૩ | રાજ્ય સરકારના અધિકારીઓ /કર્મચારીઓ સમકક્ષ ગણી. |
| ૩ | ગોવા, દમણ અને દીવ | –"– | –"– | –"– | –"– |
| ૪ | આંદામાન અને નિકોબાર (વહીવટી) | –"– | –"– | –"– | –"– |
| ૫ | આંધ્રપ્રદેશ | –"– | –"– | –"– | –"– |
| ૬ | તામીલનાડુ | –"– | –"– | –"– | –"– |
| ૭. | કર્ણાટક | –"– | –"– | –"– | –"– |
| ૮. | કેરાલા | –"– | –"– | –"– | –"– |
| ૯. | પશ્ચિમ બંગાળ | રહેવા તથા જમવાનું | — | નં.એવીએ–૧૦૬૬/ એ–૧ તા.૧૯/૧૨/૭૩ | રાહત દરની સગવડતા ફક્ત પશ્ચિમ બંગાળના (પાટનગર) કલકત્તામાં તથા ગુજરાતના અમદાવાદ તથા ગાંધીનગરમાં આપવાની રહેશે.- |
| ૧૦. | મહારાષ્ટ્ર | –"– | — | નં.એવીએ–૨૦૭૫/ ૫૪૮૮/(૪૧)/ન તા.૯–૩–૭૬ | મહારાષ્ટ્ર રાજ્યના મુંબઈ સિવાય સમગ્ર રાજ્યમાં અને સગવડતાની જોગવાઈ કરવાની રહેશે. |
| ૧૧. | મધ્યપ્રદેશ | –"– | ફક્ત રહેવાની સગવડતા વિના મુલ્યે આપવાની છે. | નં.એવીએ/૧૧૭૮ /૩૫૩૯/ન તા.૫–૯–૭૮ | પારસ્પરિક સમજુતીના આધારે આવાસ સુવિધા વિના મુલ્યે પરંતુ વિદ્યુત બળતણ ચુકવવાની શરતે. |
| ૧૨. | આસામ | –"– | — | એવીએ/૧૦૬૬/૫૧ / ન.૧ તા.૫–૨–૮૦ | રાહતદરે રાજ્ય સરકારના અધિકારીઓ/કર્મચારીઓ સમકક્ષ ગણી લેવાનો રહેશે. |
| ૧૩ | મીઝોરમ | રહેવા તથા જમવાનું | – | નં.એવીએ–૧૦૬૬/ ૫૧/ ભાગ–૨/ન.૧ | –"– |
| ૧૪ | જમ્મુ અને કાશ્મીર | –"– | — | એવીએ–૧૦૬૬/૫૧ / ભાગ–૨/ન તા.૧૬–૮–૮૪ | –"– |
| ૧૫ | ઉત્તરપ્રદેશ | | | | |

૧૦.૦ ગુજરાત રાજ્ય અને અન્ય રાજ્યો વચ્ચેની પારસ્પરિક સમજુતિના આધારે ગુજરાત વિધાનસભાના સભ્યો અને ગુજરાત વિધાનસભાની વિવિધ સમિતિના અધિકારીઓ માટે.

| અ.નં. | રાજ્યનું નામ | પારસ્પરિક સમજુતિ અન્વયે આવાસની સુવિધાની વિગતો | વિધાનસભાના સભ્યો માટે કરાયેલ આવાસ સુવિધાની વિગત. | રાજ્ય સરકારના ઠરાવ નંબર | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ગુજરાત | રહેવા–જમવાના | —— | એવીએ–૧૫૭૯/૩૨૩/૪૯/ ન.૧ તા.૨૮–૩–૭૯ | રાજ્ય સરકારના કર્મચારીઓ સમકક્ષ ગણી રહેવા તથા જમવાની સગવડતા રાહત દરે આપવી. |
| ૨ | દાદરા નગર હવેલી | ફકત રહેણાંક (આવાસ) | —— | વહીવટી હુકમ ક્રમાંક– પ.વ.ડી./ એસ.એલ./ ચીફ–૪૯/ ૧૯૨૬ તા.૨–૬–૭૯ અને તા.૮–૨–૮૩ ડીવી. ઓફ તા.૨૮–૬–૮૩ | —— |
| ૩ | કેરાલા | પ.વ.ડી.ના ખાતા હેઠળના પ્રવાસી ગૃહ/આરામ ગૃહમાં રહેવા તથા જમવા અંગે. | —— | સરકારના હુકમ (આરટી)/ ૧૪૧૯/૮૫/ પીડબલ્યુ ઓફ એન્ડ પી. તા.૯–૭–૮૫ | — |
| ૪ | હરીયાણા | રોકાણ | —— | સરકારના પત્ર ક્રમાંક – ૬૧૫/૭૯/પી.વી.જી. તા.૨૪–૫–૭૯ | —— |
| ૫ | સિક્કિમ | રહેવા તથા જમવા | —— | નં.૩(૧) હોમ–૧૭૯ તા.૨૫–૪–૭૯ | રાજ્યના મહેમાનગૃહમાં જગ્યાની ઉપલબ્ધતાના આધારે |
| ૬ | ત્રિપુરા | રહેવા તથા જમવાના નકકી કરેલા દરે | — | એફ–૭૦–(૩૨)–રેવ. ૭૬ તા.૧૬–૬–૬૯ | —— |
| ૭. | આંદામાન અને નિકોબાર | ફકત રહેવાનો અને જમવાના, જે જાતની વાનગીઓ પીરસવામાં આવે તે મુજબ રહેશે | — | નં.૩૦૮/૭૯–૫ બ તા.૧૩–૮–૭૯ | કેન્દ્રશાસિત વિસ્તાર હેઠળ કોઈ વિધાન સમિતિ નથી. |
| ૮. | પાંડીચેરી | ફકત રહેવાના | —— | માહિતી ખાતા નં. ઈન/૫૮૩૦/૭૩૨/૭૯ તા.૨૧–૮–૭૯ | આવાસના દરો તેમના આપેલા પત્ર મુજબ. |
| ૯. | ઓરીસ્સા | —— | ફકત ધારાસભ્યોને આવાસ માટે નિયત થયેલ દરો મુજબ | ઓરીસ્સા સરકારના પત્ર–૩ /સી.૬૯/૭૯/૬૯૩૯૦ તા.૧૫–૯–૭૯ | —— |
| ૧૦ | ગોવા, દમણ અને દીવ | રહેવા તથા જમવાના | —— | સરકારી વહીવટ પત્ર નં.૨૪/ ૧/૭૯ ડીવી. III તા.૨૬–૯–૭૯ | —— |

| અ.નં. | રાજયનું નામ | પારસ્પરિક સમજુતિ અન્વયે આવાસની સુવિધાની વિગતો | વિધાનસભાના સભ્યો માટે કરાયેલ આવાસ સુવિધાની વિગત. | રાજય સરકારના ઠરાવ નંબર | વિશેષ નોધ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૧. | મધ્યપ્રદેશ | રોકાણ વિના મુલ્યે | --- | એમપી.જીએ. પત્ર ક્રમાંક-૧૩૬૪/ ૧૧૭૪/ ૧૯/ ૯૨/૭૯ તા.૧૯-૫-૯૦ | ફકત વિદ્યુત બળતણનો દર વસુલાત લેવો. |
| ૧૨. | મહારાષ્ટ્ર | --- | ખાતાના અધિકારીશ્રીઓને ફકત અંમલદાર નિવાસ મુંબઈ અને નાગપુર રહેઠાણ માટે | ક્રમાંક- એડીસી-૩૨૭૭/ ૧૯૬૨/સી.આર.૧૧૩૩/ ડી ૨૬, તા.૩૦-૭-૮૧ | --- |
| ૧૩. | મીઝોરમ | રહેવા તથા જમવાનું | -- | સરકારના યાદી પત્ર ક્રમાંક- જીએડી-૨૨/ ૭૮/૧૩૯ તા.૪-૧૨-૧૯૮૨ | --- |
| ૧૪ | મેઘાલય | -"- | --- | ડી.ઓ. ક્રમાંક- જી.એ./૨૯૮/ ૮૪૧૭ તા.૨૨-૧૧-૧૯૮૪ | --- |
| ૧૫. | જમ્મુ અને કાશ્મિર | જમ્મુ અને કાશ્મિર રાજયના વિધાનસભાના સભ્યો અને અધિકારીઓ માટે રહેવાની જે સગવડતા ઉપલબ્ધ છે તે બીજા રાજયોના ધારાસભ્યો અને અધિકારીઓ માટે મળી શકશે. | --- | નં. ااا-(એમ)/૮૩/૪૩/ પી.એ. તા.૨૫-૫-૮૪ | --- |
| ૧૬. | તામીલનાડુ | રહેવાના. | --- | જી.ઓ.(એમ.એસ.) નં.૧૭૨ તા.૨૮-૪-૭૮ અને સુધારો ઠરાવ ક્રમાંક- ૧૩૨૬૪૮ / એલ-૭૭/૧૬ તા.૭-૨-૮૦ | --- |

૧૧.૦ રાજય સરકારના તમામ ગૃહોમાં જાહેર બાંધકામ ખાતાના નિયમ સંગ્રહના પરિશિષ્ટ–૨૦ મુજબ નીચે મુજબના પ્રતિબંધો લાગુ પાડવા.

નીચે મુજબના પ્રતિબંધોનો અમલ રાજય સરકારના તમામ ગૃહોમાં સખ્ત રીતે કરવો :–

(૧) (ક)ફાયર પ્લેસની સગવડતા કરવામાં આવી ન હોય તો તે સિવાયના કોઈ રૂમોમાં અગ્નિ પ્રગટાવવો નહી.

(ખ) સ્નાનાઘર અથવા ગૃહનો કોઈ ભાગનો ઉપયોગ તેના મુકરર ઉપયોગ સિવાય કરી શકાશે નહી.

(ગ) રૂમોમાં થુંકવું નહી.

(ઘ) પેડલ સાયકલ સિવાયના કોઈ વાહનો કે ઘોડા કે અન્ય જાનવરને વરંડામાં લાવવા નહી.

(ચ) સફાઈ કર્મચારીની પૂર્વ જોગવાઈ કર્યા સિવાય ગૃહના સ્નાનાઘરના સેનેટરી ફર્નીચરનો ઉપયોગ કરવો નહી.

(છ) માદક પદાર્થો અને પીણાંઓનો ઉપયોગ ગૃહમાં કરી શકાશે નહી.

(જ) ગૃહમાં કોઈ અદાલત ચલાવી શકાશે નહી.

(૨) ગૃહમાં રહેનાર મહેમાન ધ્વારા કોઈપણ નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવતું જોવામાં આવશે ત્યારે તેની જાણ ગૃહના ફરજ બજાવતા કર્મચારીઓએ અવશ્ય કરવી.

(૩) ગૃહના ઉપભોગતા કે તેમના નોકરો ધ્વારા ગૃહના મકાન કે તેના રાચરચીલાને જો નુકશાન પહોંચાડવામાં આવે તો તે માટે તેઓની જવાબદારી રહેશે.

(૪) ગૃહમાં ફરજ બજાવતા કર્મચારીઓને ગૃહના કોઈપણ રૂમમાં રહેવા કે સુવાની સંપૂર્ણ મનાઈ છે. ગૃહમાં રહેતા અધિકારીઓ/કર્મચારીઓને વિનંતી કરવામાં આવે છે કે, જો ઉપરોકત બાબતોનો ભંગ થતો હોય તો ગૃહના નિયંત્રણ અધિકારીના ધ્યાન ઉપર આ હકીકત અવશ્ય લાવવી.